7-6-95



* હે યોગી ! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ માર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૪ સં. ૨૦૫૦ (૬૦૫) * આત્મધર્મ * (અંક-૯ વર્ષ-૫૦) વીર સં. ૨૫૨૦ માર્ચ, ૧૯૯૪

श्री साकरबेन देवजीभाई रुपारेलिया ( पटेल ), सुरत द्वारा

સુવર્ણપુરીમાં ઉજવાનાર ૧૦૫મો

# ॐ શ્રી કહાનગુરુ-જન્મોત્સવ ॐ

[ તા. ૮-૫-૯૪, રવિવાર થી તા. ૧૨-૫-૯૪, ગુરુવાર ]

અત્યાનંદોર્મિ સાથ જણાવવાનું કે—આત્મસાધના કરવા નીકળેલા મુમુક્ષુઓને સઘળાય કર્તૃત્વરૂપી મોહરાજાની સેનાને નેસ્તનાબૂદ કરવા અકર્તાસ્વભાવી જ્ઞાયકનો અમોઘમંત્ર આપી આપણા ઉપર અનંત અનંત-ઉપકારની વર્ષા વરસાવનાર પરમ તારણહાર વહાલા ધર્મપિતાની ૧૦૫મી કલ્યાણવર્ષિણી મંગલ જન્મજયંતી (વૈશાખ સુદ-૨), અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં કાનાતળાવ-નિવાસી (સુરતવાસી) શ્રી સાકરબેન દેવજીભાઈ રુપારેલિયા (હા. શ્રીમતી લાભુબેન હર્ષદભાઈ રુપારેલિયા) તરફથી ચૈત્ર વદ ૧૩, રવિવાર, તા. ૮-૫-૯૪ થી વૈશાખ સુદ ૨, ગુરુવાર, તા. ૧૨-૫-૯૪ —પાંચ દિવસ સુધી અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવાનાર છે.

ગુરુ-જન્મોત્સવનો આ મંગલ અવસર 'શ્રી ચૌંસઠઋદ્ધિ-મંડલવિધાનપૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસપૂર્ણ ઓડિયો-વિડિયો ટેપપ્રવચન તેમ જ પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા દ્વારા અધ્યાત્મજ્ઞાનોપાસના, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ દ્વારા સમ્પન્ન થનારી પૂજા-ભક્તિ, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, યાત્રા-વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય રોચક કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

આ માંગલિક ગુરુ-જન્મ-જયંતીના સુઅવસરે ગુરુભક્તિભીનો અનુપમ લાભ લેવા સોનગઢ પધારવા ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી સાકરબેન દેવજીભાઈ રુપારેલિયા તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક છે.

નિમંત્રક—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ, સોનગઢ

કહાન
સ ૧૩-૧૪
વર્ષ-૫૦
અંક-૯
[ ૬૦૫ ]

વીર
સંવત
૨૫૨૦
સં. ૨૦૫૦
MAR.
A. D. 1994




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પરમભાવસ્વરૂપ આત્મા પોતે જ પરમાત્મા છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૮ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની આ ૬૭મી ગાથા છે. ભેદાભેદ રત્નત્રયની ભાવનાની મુખ્યતાથી જુદા જુદા નવ સૂત્ર યોગીન્દ્રદેવ કહેવાના છે તેમાંથી આ પ્રથમ સૂત્ર છે.

**अप्पा अप्पु जि परु जि परु अप्पा परु जि ण होइ ।**
**परु जि कयाइ वि अप्पु णवि णियमें पभणहिं जोई ॥ ६७ ॥**

નિજ વસ્તુ જે આત્મા, તે આત્મા જ છે અને દેહાદિ સર્વ પદાર્થ પર છે તે પર જ છે. આત્મા કદી પર થતો નથી અને પરદ્રવ્ય આત્મા બનતાં નથી.

આત્મા ત્રણકાળમાં કદી શરીરપણે, કર્મપણે કે વિકારપણે થતો નથી અને શરીર, કર્મ તથા વિકાર કદી આત્મારૂપ થતાં નથી એમ સર્વજ્ઞ પરમેશ્વર નિશ્ચયથી કહે છે. યોગીઓના પણ ઇશ્વર એવા યોગીશ્વર પરમાત્મા નિશ્ચયથી એમ કહે છે કે કર્મ અને શરીર કદી આત્મા થતાં નથી. અરે! અંદરમાં જે દયા, દાન, વ્રતાદિના વિકલ્પ ઊઠે છે તે પણ આત્મારૂપ થતા નથી. અનાદિથી આત્મા આ બધાંથી ભિન્ન છે.

ભાવાર્થઃ—શુદ્ધાત્મા તો કેવલજ્ઞાનાદિ સ્વભાવ છે. કેવલ એટલે અહીં કેવળજ્ઞાન

પર્યાયની વાત નથી. કેવલ-માત્ર કેવલ એટલે કેવળજ્ઞાન, કેવળદર્શન, પ્રભુતા, સ્વચ્છતા આદિ ગુણોથી ભરેલો કેવળ આત્મા છે તે જડરૂપ નથી અને પુણ્ય-પાપ ભાવ તો જડ છે તે રૂપે આત્મા કદી થયો નથી.

ભગવાન તો અનાદિથી જ્ઞાયકસ્વભાવે શુદ્ધ શુદ્ધ જ રહ્યો છે તે કદી પુણ્ય-પાપ, શરીરરૂપે થયો નથી. જો એક તત્ત્વ બીજા તત્ત્વરૂપે થઈ જાય તો નવ તત્ત્વ જ ન રહે. આત્મા સદાય જ્ઞાયકભાવે જ રહ્યો છે. કદી આસ્રવ-બંધ કે કર્મ, શરીરાદિ અજીવ તત્ત્વપણે થયો નથી અને આસ્રવ, બંધ તથા અજીવાદિ કદી આત્માપણે થયાં નથી. એક તત્ત્વ બીજા તત્ત્વરૂપે થાય તો એ તત્ત્વ જ ન રહે. આવા તત્ત્વસ્વરૂપની ખબર ન હોય અને ધર્મ કરવા માગે તો ન થાય.

આત્મા તો માત્ર શુદ્ધાત્મસ્વરૂપ જ છે, જડરૂપ કે ઉપાધિરૂપ નથી. એ તો એકલો જ્ઞાન, એકલી શ્રદ્ધા, એકલી ઈશ્વરતા, સ્વચ્છતા, શાંતરસરૂપે રહ્યો છે. એવા આત્માને જાણ્યા વિના, તેની શ્રદ્ધા કર્યા વિના ધર્મ થાય તેમ નથી. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જાણે તો તેને સમ્યગ્જ્ઞાન કહેવાય. જેવું છે તેવું ન જાણે તેને સમ્યક્ કેમ કહેવાય!

મૂઢ મિથ્યાદૃષ્ટિ અનાદિથી પરમાં અને રાગમાં પોતાપણું માનીને જ રખડયો છે. ભલે તે સાધુ થયો પણ પુણ્યભાવ તે મારા છે એવી બુદ્ધિથી તે રખડયો જ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, યાત્રાના ભાવ પણ આત્મા નથી, તે જડમાં જાય છે. જડ કદી આત્મારૂપ થતાં નથી. ઉપાધિભાવ કદી સ્વભાવભાવરૂપ થતાં નથી.

આત્મા તો અનંતવીર્યની પૂતળી છે તે રાગરૂપે કેમ થાય? અને રાગ તે આત્મારૂપે કેમ થાય? ઈચ્છાથી જે વૃત્તિ ઊઠે છે તે બધી પરવસ્તુ છે. કામ-ક્રોધ આદિ પરવસ્તુ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ છે તે પર જ છે, જીવના પોતાના નથી. આમ કહીને 'કામ'માં ઇચ્છા અને ક્રોધમાં દ્વેષાદિ સર્વભાવ ભાવકર્મમાં લઈ લીધા છે તે બધો ઉપાધિભાવ છે—જડ છે, ચૈતન્ય નથી.

આઠ કર્મો છે તે દ્રવ્ય કર્મ છે અને શરીર, વાણી આદિ નોકર્મ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિની વૃત્તિ ઊઠે છે તે ભાવકર્મ છે. તે ત્રણેય પ્રકારના કર્મ પર છે, જીવના પોતાના નથી તો જીવના પોતાના ભાવ શું છે?—કે જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા એ બધાં જીવના નિજભાવ છે આવો ભાવમયી આત્મા ત્રણકાળમાં કદી રાગ-દ્વેષ, ઈચ્છા, કર્મ કે નોકર્મરૂપ થતો નથી અને કર્મ, નોકર્મ તથા ભાવકર્મ કદી જીવરૂપ થતાં નથી. વસ્તુસ્વભાવે આત્મા આવો છે છતાં તેની પર્યાયમાં કેવી દશા થઈ રહી છે તે હવે કહે છે.

આ આત્મા સંસાર અવસ્થામાં જો કે, અશુદ્ધ—નિશ્ચયનયથી કામ-ક્રોધાદિરૂપ

થઈ ગયો છે. રાગ, દ્વેષ, કામ, ક્રોધાદિરૂપે પર્યાય થઈ છે પણ વસ્તુ એ રૂપે થઈ નથી. પુણ્ય-પાપના ભાવ તો મલિન છે, પર્યાયમાં તે ભાવ એકાકાર છે માટે એક સમય માટે તે પર્યાયમાં તન્મય છે પણ વસ્તુ આખી તન્મય નથી. અજ્ઞાનીએ એમ માન્યું છે કે હું પુણ્ય-પાપરૂપ થઈ ગયો છું તેથી એ અપેક્ષાએ પર્યાયમાં મલિનતા છે. હું મલિન થયો છું એવી માન્યતા એ જીવે પોતે ઊભી કરી છે એ એનો દોષ છે. ઊલટી માન્યતા અજ્ઞાનીએ પોતે કરી છે માટે અવસ્થામાં પોતે એ રૂપે થયો છે. અશુદ્ધ નિશ્ચયથી મલિનતા છે પણ વસ્તુદ્રષ્ટિથી જોઈએ તો વસ્તુ તો વસ્તુ છે.

જીવની અવસ્થામાં વ્રત, તપ, દાન, ભક્તિ, જાત્રાનો વિકલ્પ ઊઠે છે તે વિકાર છે, આત્મા નથી. છતાં તેણે એમ માન્યું છે કે, હું આસ્રવરૂપે થયો છું, હું ભાવબંધરૂપે થયો છું. આવી માન્યતા છે તેથી અશુદ્ધ નિશ્ચયનયથી પોતે મલિન થયો છે પણ પરમભાવ ગ્રાહક શુદ્ધનિશ્ચયનયથી જોઈએ તો આત્મા પોતાના જ્ઞાનાદિભાવ છોડીને કામ-ક્રોધાદિરૂપે કે દયા-દાન વ્રતરૂપે થયો નથી, નિજભાવરૂપ જ રહ્યો છે. જ્ઞાયકભાવ કદી વિકારી અવસ્થારૂપે થયો નથી.

અનાદિથી આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદ આદિ મહાન ગુણનો ધારક શુદ્ધ હોવા છતાં એણે માન્યતામાં પોતાને રાગાદિવાળો માન્યો છે. એ દ્રષ્ટિએ અવસ્થામાં તે અશુદ્ધ થયો છે પણ વસ્તુદ્રષ્ટિએ જોઈએ તો વસ્તુ તો કદી રાગાદિરૂપે થઈ જ નથી તો અશુદ્ધ કેમ કહેવાય! ત્રણેકાળ આત્મા શરીરરૂપ થયો નથી અને શરીર આત્મારૂપ થયું નથી ત્રણેકાળ આત્મા શુભાશુભભાવરૂપ થયો નથી અને શુભાશુભભાવ આત્મારૂપ થયાં નથી. માત્ર અજ્ઞાનીએ માન્યું છે કે હું શુભાશુભભાવ અને શરીરરૂપે થયો છું.

નિજ આત્મવસ્તુ સદાય નિજભાવરૂપ જ છે.

વીતરાગ પરમેશ્વર કોને આત્મા કહે છે, કોને કર્મ કહે છે અને કોને શરીર કહે છે તેની ખબર નથી અને વ્રતાદિ કરવાથી પોતે ધર્મ કરે છે એમ માને છે તેને ધર્મની ખબર જ નથી. આત્મા તો શુદ્ધ જ્ઞાનઘન છે તે પોતાના નિજભાવને છોડીને કદી રાગરૂપ થયો જ નથી. નિજભાવને છોડે તો રાગરૂપે થાય ને! નિજભાવને છોડ્યો નથી અને રાગરૂપે થયો નથી.

મોટા લાખોપતિના છોકરા પણ સ્કૂલમાં શીખવામાં હથોડા આદિ ઉપાડતાં હોય છે ને! તેના ઉપરથી વિચાર આવ્યો કે આ અનંત જ્ઞાન, આનંદ આદિ લક્ષ્મીનો સ્વામી આત્મા પુણ્ય-પાપના વિકલ્પના હથોડા ઉપાડે છે. પોતે અનંત લક્ષ્મીવાન છે છતાં ભાન વગર વિકલ્પના બોજા ઉપાડે છે. પોતે જ પોતાના આત્મા ઉપર ઘણના ઘા મારે છે કે, હું રાગી, દ્વેષી, મોહી, શરીરવાળો સંસારી છું. છતાં દ્રવ્ય કદી વિકાર કે

સંસારરૂપ થયું નથી, થતું નથી અને થશે નહીં. પુણ્ય-પાપના હથોડા અચેતન છે, ચૈતન્યનું મૂળ સ્વરૂપ નથી.

ભગવાન મહિમાવંત પદાર્થ છે તે અમહિમાવંત એવા વિકારપણે થતો જ નથી. નવ તત્ત્વમાં એક આ આત્મતત્ત્વ છે તે પુણ્ય-પાપ, આસ્રવ આદિ તત્ત્વરૂપે કદી થતો જ નથી, એ તો નિજભાવસંપન્ન અનંત જ્ઞાનાદિ લક્ષ્મીનો સ્વામી પૂર્ણ...પૂર્ણ પરમભાવરૂપ પ્રભુ છે તે કદી આવા નિજભાવને છોડીને અજીવ તથા આસ્રવભાવરૂપે થયો જ નથી પણ મૂઢદશામાં એણે પોતાને જેવો રાગ છે તેવારૂપે માની લીધો છે. મેં પૂજા કરી, મેં ભક્તિ કરી, મેં ઉપવાસ કર્યો એવી મૂઢે માન્યતા કરી છે તે જ સંસાર છે.

આમ દૃષ્ટિફેરે સંસાર છે અને દૃષ્ટિફેરે મુક્તિ છે ઊંધી દૃષ્ટિ છોડીને સવળી દૃષ્ટિ કર! આ શરીર, કર્મ ને પુણ્ય-પાપ મારા છે એવી દૃષ્ટિ છે તે જ સંસાર છે અને તે મારામાં નથી, હું તો શુદ્ધ જ્ઞાનાદિ નિજભાવરૂપ છું, હું કદી શરીર, કર્માદિરૂપ થયો નથી એવી દૃષ્ટિ કરવી તેનું નામ મુક્તિ છે. મહાપ્રભુને વિપરીત એવા રાગાદિરૂપ માનવો એ જ ભ્રમ છે, મિથ્યાત્વ છે અને સંસાર છે અને મારો જ્ઞાયકભાવ કદી નિજભાવ છોડીને પરભાવરૂપ થયો નથી એવો અંતરથી સ્વીકાર આવે તે મુક્તિનો પંથ કહો કે મુક્તિ જ છે.

બીજા મને સારો કહે એવી અજ્ઞાની અપેક્ષા રાખે છે પણ અંતરમાં પોતાનો સારો વૈભવ છે તેને જોતો નથી. ખરેખર એને સારું થવું નથી પણ સારો છું એમ અન્ય પાસે કહેવડાવવું છે. નિજ અનુભવની દૃષ્ટિ કરવી તે પોતાને સારો થવાનો ઉપાય છે પણ એને તો સારું થવું નથી, સારો છું એમ કહેવડાવવું છે. એને તો પુણ્ય-પાપના ભાવમાં મીઠાશ લાગે છે, વિષયની વાસનામાં અને ભોગવટામાં મીઠાશ લાગે છે એ જ પોતાની ચીજ લાગે છે અને તેનાથી પોતાનું અસ્તિત્વ છે એમ માને છે. આમ, અજ્ઞાનીની દૃષ્ટિમાં આત્મા પુણ્ય-પાપના રાગવાળો અને વાસનાવાળો મનાય છે.

વસ્તુ તો એ રાગરૂપે કે તેની મીઠાશરૂપે થઈ નથી પણ માન્યતામાં તે રાગની મીઠાશરૂપે વર્તે છે તેથી અશુદ્ધનિશ્ચયનયે એવી અવસ્થા થઈ છે પણ ભગવાન આત્મા તો પોતાના આનંદસ્વભાવને છોડી કદી વિકલ્પરૂપે પરિણમ્યો જ નથી ને! નિજભાવને છોડયો જ નથી ને! પણ અરે, એ કયાં ગુંચવાયો છે તેની એને ખબર નથી અને ગુંચવણને જ આત્માનું સ્વરૂપ માને છે. રાગને જ આત્મા માને છે છતાં અહો! એ રાગમય થયો જ નથી. પોતે જ પોતાને અનંતકાળથી છેતર્યો છે. બીજો પોતાને ન છેતરી શકે, પોતે જ પોતાને છેતરે છે.

હવે છેતરપીંડીમાંથી છૂટવા માટે પ્રથમ તો આ જ્ઞાયક તે હું છું અને આ કર્માદિભાવ હું નથી એવા ભેદજ્ઞાનથી શરૂઆત થાય છે એ વિના મહાવ્રત પાળે, તપ કરે, જાત્રા કરે આદિ લાખ ઉપાય કરે તે વ્યર્થ છે. 'ૐ'ના જાપ કરીને સૂકાય જાય પણ જ્યાં સુધી વિકલ્પમાં એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી તેને આત્માના સ્વરૂપની જ ખબર નથી.

આત્મા ક્રોધાદિરૂપ થતો નથી, નિજભાવરૂપ જ છે. આ બે વાતની વ્યાખ્યા ચાલે છે. પરમભાવસ્વરૂપ આત્મા પોતે જ પરમાત્મા છે તે પરમાત્મા ત્રણકાળમાં કદી વિકારપણે થયો નથી. અહો! અનંતગુણના ભાવથી ભરેલું જેનું રૂપ–સ્વરૂપ છે તે કદી રાગ-દ્વેષ અને ઈચ્છારૂપે થયો નથી, થતો નથી અને થશે નહિ. આત્માએ કદી નિજભાવને છોડયો નથી, છોડતો નથી અને છોડવાનો નથી.

હિંસા, જૂઠ આદિ અશુભભાવ અને દયા-દાનાદિ શુભભાવ એ બંને ભાવ ઉપાધિરૂપ છે. પરના સંબંધથી ઉપજેલી ઉપાધિ છે, નિજભાવ નથી—સ્વભાવ નથી. માટે આત્મા કદી રાગાદિરૂપ થતો નથી એમ ત્રિલોકીનાથ તીર્થંકરદેવ કહે છે, કેમ કે પરના સંબંધવાળો ભાવ કદી સ્વના સંબંધવાળો થતો નથી.

અહીં ઉપાદેયરૂપ મોક્ષ-સુખથી (અતીન્દ્રિય સુખથી) તન્મય અને કામ-ક્રોધાદિથી ભિન્ન જે શુદ્ધાત્મા છે તે ઉપાદેય છે એવો અભિપ્રાય છે. મોક્ષ-સુખ એટલે અતીન્દ્રિય સુખ તેનાથી આત્મા તન્મય નામ એકરૂપ છે. ક્યારે?—અત્યારે આત્મા અતીન્દ્રિય આનંદના ભાવથી તન્મય છે અને કામ–ક્રોધાદિથી અર્થાત્ વિકલ્પમાત્રથી ભિન્ન છે. આત્મા અતીન્દ્રિયભાવસ્વરૂપ છે અને ઇચ્છા તથા રાગાદિથી ભિન્ન એવો શુદ્ધાત્મા છે તે જ ઉપાદેય છે, તે જ દૃષ્ટિમાં લેવા લાયક છે. આવો આ શ્લોકનો અભિપ્રાય છે.

હવે તેનાથી પણ ઊંચી ગાથા આવે છે કે આત્મા જન્મ-મરણ અને બંધ-મોક્ષને પણ કરતો નથી.

અહા! પરમાત્મપ્રકાશ તો પરમાત્મપ્રકાશ જ છે.

આત્મા એક વસ્તુ છે તે અનાદિ અનંત એકરૂપભાવે રહેલી છે. આત્માને તેના એકરૂપ સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો તે જન્મને કરતો નથી, મરણને કરતો નથી, બંધ કરતો નથી અને મોક્ષ પણ કરતો નથી. જેવો છે તેવો જ ત્રણકાળ છે એમ આ ગાથામાં નિરૂપણ કરે છે.

ण वि ऊप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ ।
जिउ परमत्थे जोइया जिणवरु एउं भणेइ ॥ ६८ ॥

જુઓ! આમાં આચાર્યદેવે જિનવરને સાક્ષીમાં વચ્ચે લીધા છે. જિનવર–

ત્રિલોકીનાથ-યોગીશ્વર એમ કહે છે, હે આત્મા! વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો આત્મા જન્મતો નથી, આત્મા મરતો નથી અને બંધ-મોક્ષને કરતો નથી. દ્રવ્યબંધ અને દ્રવ્યમોક્ષને તો કરતો નથી પણ ભાવબંધ અને ભાવમોક્ષને પણ કરતો નથી. ભાવબંધને છોડીને પોતાની પર્યાયમાં ભાવમોક્ષને આત્મા કરતો નથી. આ વાત સાંભળજો હો! સાંભળવા જેવી છે. ત્રણલોકના નાથ ભગવાન પરમેશ્વરદેવ સમવસરણમાં આ વાત ફરમાવતા હતાં.

આત્મા તો ભગવાન છે તે કાંઈ બંધને કરે! જે બંધને કરે નહિ તેને મોક્ષ કરવાનો ક્યાં રહ્યો! બંધને કરે તે જ મોક્ષને કરે. આત્મપદાર્થ તો પર્યાયના બંધ અને પર્યાયની મુક્તિથી રહિત જ છે. એક સમયનો બંધ અને એક સમયની મુક્તિ તે બંને પર્યાય છે. વસ્તુ તેનાથી રહિત છે. મોક્ષ પણ એક સમયની પર્યાય છે. સિદ્ધપણું એ કાંઈ આત્માનું દ્રવ્ય-ગુણપણું નથી. મોક્ષ છે તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે, કેમ કે તે વસ્તુનો એક સમય પૂરતો અંશ છે, ત્રિકાળ શુદ્ધભાવનો વિષય નથી, ત્રિકાળ શુદ્ધભાવનો વિષય તો અખંડ એકરૂપ નિજદ્રવ્ય છે.

ભગવાન કહે છે કેવળજ્ઞાન અને સિદ્ધદશા એ પણ તારું ત્રિકાળીસ્વરૂપ નથી. અંશ છે માટે તે વ્યવહાર છે. તારી પોતાની સત્તામાં છે માટે સદ્‌ભૂત છે પણ અંશ હોવાથી વ્યવહાર છે. દ્રવ્યનો આદર કરતાં તે પ્રાપ્ત થાય છે દ્રવ્યને પ્રાપ્ત કરતાં પર્યાય થઈ જાય છે પણ તે શુદ્ધનયનો વિષય નથી. પર્યાય આખો આત્મા નથી સંવર, નિર્જરા અને મોક્ષ ભલે શુદ્ધપર્યાય છે પણ તે કાંઈ આખું દ્રવ્ય નથી. આખા દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો તે દ્રવ્ય બંધ અને મોક્ષને કેમ કરે!

હજુ તો જેને શરીરની ક્રિયા કરવી છે, રાગ કરવો છે, રાગ કરવાથી લાભ માનવો છે તેને આ વાત ક્યાંથી બેસે! પણ વિચાર કરે તો સમજાય કે જે વસ્તુના સ્વરૂપમાં નથી તેનાથી વસ્તુમાં લાભ કેવી રીતે થાય? અભેદ અખંડ દ્રવ્ય શુદ્ધપર્યાયને પણ કરતું નથી, શુદ્ધતા પ્રગટ થાય છે તે પણ વ્યવહારનો વિષય છે. જે ભેદરત્નત્રયથી અભેદરત્નત્રય થવાનું માને છે તે તો ભીંત ભૂલ્યા છે. અહો! મહાન ચૈતન્યપ્રભુ ઉપર દૃષ્ટિ દેવી અને એકાકાર થવું તે પણ વ્યવહારનયનો વિષય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે મોક્ષમાર્ગ છે પણ એક સમયની અવસ્થા હોવાથી તે વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળી દ્રવ્ય જ નિશ્ચયનો વિષય છે તેની અપેક્ષાએ શુદ્ધ અવસ્થા પણ અંશ હોવાથી વ્યવહાર છે અને વ્યવહાર તો જાણવા લાયક છે. આદરવા લાયક તો એક શુદ્ધાત્મા જ છે.

પૂર્ણદશા જે સિદ્ધદશા તે પણ જાણવા લાયક છે. આદરવા લાયક તો એક ત્રિકાળીદ્રવ્ય છે.

અજ્ઞાનીને એમ થાય છે કે અરે! આમાં તો મગજ કામ કરતું નથી. પણ ભાઈ! મગજ જેવું કામ કરે છે એવા ચેતનને જ આ કહેવાય છે, જડને કહેતાં નથી.

બંધની એક સમયની વિકૃત અવસ્થા અને મોક્ષની એક સમયની અવિકૃત અવસ્થા તે બંનેથી રહિત ભગવાન આત્મા ત્રિકાળ એકરૂપ છે. બંધ–મોક્ષથી રહિત છે એમ ત્રણલોકના નાથ પરમ પૂજ્ય જિનેન્દ્રદેવે ફરમાવ્યું છે 'દ્રવ્ય' શુદ્ધનયનો વિષય છે, 'પર્યાય' તે વ્યવહારનો વિષય છે અને બંને થઈને પ્રમાણનો વિષય થાય છે.

અરે! જેના ઘરમાં અનંત આનંદની લક્ષ્મી ભરી છે, અનંત જ્ઞાનના પરિપૂર્ણ ભંડાર ભર્યા છે, અનંતવીર્ય અને ચારિત્રરસના ભંડાર જેમાં ભર્યા છે, જેનામાં પ્રભુતા, સ્વચ્છતા અને પૂર્ણ પ્રગટ થવાની લાયકાતવાળા ગુણના ભંડાર ભર્યા છે તે એક અંશમાં ક્યાંથી આવી જાય! વસ્તુ અંશપણે કેમ થાય? (ન થાય).

ભાવાર્થ :—જો કે આ આત્મા શુદ્ધાત્માનુભૂતિના અભાવને કારણે શુભ, અશુભ ઉપયોગથી પરિણમન કરીને જીવન, મરણ અને શુભ–અશુભ કર્મબંધને કરે છે.

'આત્મા' એટલે જ્ઞાનાદિ શુદ્ધગુણનો ધ્રુવપિંડ એકરૂપ વસ્તુ. તેની અનુભૂતિ એટલે એકરૂપ ધ્રુવ આત્માના અનુભવરૂપ પર્યાય. અનંતગુણનું એકરૂપ એવી વસ્તુને અનુસરીને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય થાય છે પણ એવો અનુભવ જેને નથી એવા અનાદિથી અજ્ઞાની જીવોને પર્યાયમાં વસ્તુની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાનો અભાવ છે. વસ્તુનું લક્ષ તેની રુચિ અને તેમાં સ્થિરતાનો પર્યાયમાં અભાવ છે તેથી પરિણામમાં શુભ અને અશુભભાવને કરતો તે પર્યાયમાં જન્મ-મરણ કરે છે તથા કર્મબંધ પણ કરે છે.

[ક્રમશઃ]

## પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ

જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તા-અવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી.

—ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# જન્મ-મરણના અંતનો એક જ ઉપાય
# "ભેદવિજ્ઞાન"

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૫ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં જીવદ્વારનો ૨૧મો શ્લોક છે. તેના ઉપર બનારસીદાસજીનું ૨૨મું પદ્ય છે. તેમાં જ્ઞાતાની અવસ્થા કેવી હોય છે તે બતાવી છે.

कै अपनौं पद आप संभारत,
कै गुरुके मुखकी सुनि वानी ।
भेदविज्ञान जग्यौ जिन्हिकै,
प्रगटी सुविवेक-कला रसधानी ।।
भाव अनंत भये प्रतिबिंबित,
जीवन मोख दसा ठहरानी ।
ते नर दर्पन ज्यौं अविकार,
रहै थिररूप सदा सुखदानी ।।२२।।

અર્થ :—પોતાની જાતે પોતાનું સ્વરૂપ સંભાળવાથી અથવા શ્રીગુરુના મુખારવિંદ દ્વારા ઉપદેશ સાંભળવાથી જેમને ભેદજ્ઞાન જાગ્રત થયું છે અર્થાત્ સ્વ-પર વિવેકની જ્ઞાનશક્તિ પ્રગટ થઈ છે તે મહાત્માઓને જીવનમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. તેમના નિર્મળ દર્પણ જેવા સ્વચ્છ આત્મામાં અનંતભાવ ઝળકે છે પરંતુ તેનાથી કાંઈ વિકાર થતો નથી. તેઓ સદા આનંદમાં મસ્ત રહે છે.

આત્માનો સ્વભાવ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદસ્વરૂપ છે પણ આવા સ્વરૂપનું એને અનાદિથી વિસ્મરણ થઈ ગયું છે અને પુણ્ય-પાપના ભાવ 'હું 'અને તેના ફળથી મળતી ચારગતિ તે મારી છે એવું મનાઈ ગયું છે. તે અજ્ઞાનીનો મોટો ભ્રમ-અજ્ઞાન અને પાખંડ છે, પોતાનું પદ તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ છે. એ નિજપદને ભૂલીને શરીર, લક્ષ્મી, આબરૂ-કીર્તિ તે મારી છે, શુભ-અશુભભાવ મારા છે એમ માનીને જીવો અનાદિથી અજ્ઞાનથી દુઃખી છે. પોતાના સ્વરૂપની હિંસા કરીને પરમાં સુખની કલ્પના કરે છે આમ, સર્વજ્ઞ તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા કહે છે.

"મેં જ્ઞાનાનંદ સ્વભાવી હું..." એ ભક્તિ વાંચીને વિચાર આવ્યો હતો કે હું જ્ઞાનાનંદસ્વભાવી છું એવું ભાન થાય ત્યારે તે જ્ઞાનાનંદ સ્વભાવી છે. માત્ર ઓઘે ઓઘે જ્ઞાનાનંદસ્વભાવી માને તેનાથી લાભ નથી. હું જ્ઞાનાનંદ સ્વભાવી છું એવું ભાન ક્યારે થાય? કે જ્યારે પુણ્ય-પાપભાવોની રુચિ છોડી, જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ કરી વ્યક્ત અંશમાં જ્ઞાનાનંદ પ્રગટ કરે ત્યારે એ દ્વારા હું જ્ઞાનાનંદ સ્વભાવી છું એવું ભાન થાય તેને જ સમ્યગ્દૃષ્ટિ અને જૈનનું પ્રથમ સોપાન ચડયો કહેવાય છે. ધર્મનો પ્રથમ એકડો જ એ છે. વસ્તુએ તો આત્મા ત્રણેકાળ સિદ્ધ સમાન જ છે તેને દૃષ્ટિમાં લેવો.

જે ચીજ તારી હોય તે તારાથી જુદી કેમ હોય! ચાલીશ લાખનું મકાન મારું છે એમ માને છે પણ એ તો પરમાણુનું છે. તારું ક્યાં હતું! આ કરોડોપતિ દીકરા પણ તારા ક્યાં હતા? અંદરમાં જ્ઞાન ને આનંદ ભર્યા છે એ તારા છે. તેને ક્યાંય બહારથી લાવવા પડતાં નથી પણ અનાદિથી મિથ્યાત્વની ઉલટી ભ્રમણાથી બહારમાં સુખની કલ્પના કરીને સ્વરૂપનો ઘાત કરે છે.

અહીં કહે છે, અનાદિથી નિજપદને ભૂલ્યો હતો તે હવે દૃષ્ટિને અંતરમાં વાળીને નિજસ્વરૂપની સંભાળ કરે છે-સ્મરણ કરે છે. અહો! મારું તો આ જ્ઞાનાનંદ સ્વરૂપ છે-એવા સ્વરૂપને અનુભવે છે તેને સમ્યગ્દૃષ્ટિ—ધર્મી અથવા સુખના પંથે ચડેલો કહેવાય છે, બાકી બધાં--પરમાં સુખની કલ્પના કરનારા દુઃખના પંથે પડેલા છે. કેમ કે જેમ બાળક લાકડીને ઘોડો માને તેથી શું એ ઘોડો ચાલવામાં કામ આવે! તેમ પરમાં સુખ માનવાથી સુખ મળી જાય? અરે, એ તો અજ્ઞાનની મૂર્ખાઈ છે.

ભગવાન કહે છે ભાઈ! આ શરીર તો તારું નથી પણ આ શુભાશુભભાવ પણ તારા નથી. તું તો શરીર અને વિભાવથી રહિત છો પણ તેની સંભાળ આડે તે કદી તારા નિજપદની સંભાળ લીધી નથી. જે તારું નથી એવા શરીર, લક્ષ્મી આદિને સંભાળવા રોકાઈ ગયો પણ તારા નિધાનને તેં કદી સંભાળ્યું નથી.

कै अपनौं पद आप संभारत, कै गुरुके मुखकी सुनी बानी। ભેદજ્ઞાન કોઈને પોતાની જાતે પોતાનું સ્વરૂપ સંભાળવાથી થાય છે અને કોઈને શ્રીગુરુનો ઉપદેશ સાંભળવાથી થાય છે. પૂર્વના સંસ્કાર જાગૃત થઈ જવાથી સ્વયં ભેદજ્ઞાન થાય છે તે નૈસર્ગિક સમ્યગ્દર્શન છે અને ગુરુ-ઉપદેશના નિમિત્તે ભેદજ્ઞાન થાય છે તે અધિગમજ સમ્યક્ત્વ છે. એ ગુરુની વાણી કેવી હોય? કે રાગ અને વિકલ્પથી આત્માને ભિન્ન બતાવે એવી ગુરુની વાણી હોય છે. આત્મજ્ઞાની સાચા સંત-ગુરુ એમ કહે છે, ભાઈ! આ તને જે હિંસા, જૂઠ, ચોરી આદિના અશુભ વિકલ્પ છે, દયા, દાન, વ્રત,

ભક્તિ આદિના શુભ વિકલ્પ ઊઠે છે તેનાથી તારી જ્ઞાનાનંદ જ્યોત જુદી છે. માટે તેનાથી ભેદજ્ઞાન કર! શુભાશુભ બંને ભાવથી તું તને જુદો જાણ!

અરે, આ સત્ય વાત જેના કાને ન પડે અને જીવતર આમ ને આમ બહારની રુચિમાં ચાલ્યા જાય તેના અવતાર તો ગલૂડિયાં અને કાગડા જેવા છે. જિનેશ્વરનો માર્ગ જેણે સાંભળ્યો નથી, તેની વિધિ શું તેની જેને ખબર નથી તેને સમજણમાં કયાંથી આવે! એના મનુષ્યભવ તો વ્યર્થ ચાલ્યા જશે. પૂર્વે અનંતવાર આ જીવે આ રીતે મનુષ્યભવ ખોયાં છે.

શરીર, વાણી અને મન તો રૂપી છે અને આત્મા તો અરૂપી છે. આત્મા શરીરનો હોય તો આત્મા રૂપી હોવો જોઈએ અથવા શરીર, વાણી, મન આત્માના હોય તો તે અરૂપી હોવા જોઈએ. શરીર જડનું થઈને રહ્યું છે અને જીવ તો જીવ છે, લક્ષ્મી જડ છે તેને જીવની કેમ મનાય! દેહ, વાણી, મન, લક્ષ્મી આદિથી ભેદજ્ઞાન કરીને જુદા પાડે છે તે સમકિતી છે. ભેદજ્ઞાન એટલે બે જુદા પદાર્થને જુદા જાણવા તે ભેદજ્ઞાન છે. એક આત્મા છે બીજા પદાર્થ જડ છે. આત્મા જ્ઞાનાનંદમય છે, રાગ-વિકાર દુઃખરૂપ છે, આત્મા જ્ઞાનમય છે, રાગાદિ અજ્ઞાનમય ભાવ છે આમ જુદા સ્વરૂપવાળા તત્ત્વને જુદાં જાણવા તે ભેદજ્ઞાન છે. આ જિનેશ્વરદેવે સમવસરણમાં અસંખ્ય દેવો અને સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં કહેલી વાત છે. ૩૨ લાખ વિમાન કે જેમાં એક એકમાં અસંખ્ય તો દેવ છે એવા દેવલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઇન્દ્રની હાજરીમાં ભગવાને ફરમાવેલી આ વાત છે. ગુરુની વાણી હો કે તીર્થંકરની વાણી હો તેમાં 'ભેદજ્ઞાન' આવ્યું છે. ભગવાનનો આ ધર્મ છે ભાઈ! તને ખબર નથી.

પરથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાન થતાં પરનું પણ જ્ઞાન યથાર્થ થાય છે કે આ રાગાદિ મારી ચીજ નથી. આ જ્ઞાન તે ભેદજ્ઞાન છે.

भेदविज्ञान जग्यौ जिन्हिकै, प्रगटी सुविवेक-कला-रसधानी । અનાદિથી રાગ, પુણ્ય ને વિકલ્પ આદિ મારા છે એવું અભેદજ્ઞાન-અજ્ઞાન હતું. હવે જેને ગુરુ ઉપદેશથી અથવા સ્વયં બોધ પ્રાપ્ત થવાથી રાગાદિથી ભેદજ્ઞાન થયું, ચૈતન્ય ઝળહળ જ્યોતિના નૂરના પૂરનો અનુભવ થયો તેને સુવિવેક જાગ્રત થઈ ગયો, ભેદજ્ઞાન વિના માત્ર ઓઘે માને તેને આવો વિવેક ન પ્રગટે. ઓઘે એટલે વસ્તુ જોયા વિના તેનો વિશ્વાસ આવી ગયો માને છે તે બધાં ઓઘે ઓઘે માને છે. જ્ઞાનાનંદ સ્વરૂપની સત્તાનો સ્વીકાર કયારે થાય કે જ્યારે જ્ઞાનાનંદ સ્વરૂપની સત્તાને સ્પર્શે—તેના અંશનો અનુભવ થાય—તેમાં એકાકાર થાય ત્યારે સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ થયો કહેવાય. એ પહેલાં

માર્ગની સમજણ કરે કે વીતરાગ તીર્થંકર પરમાત્માનો કહેલો માર્ગ આ પ્રમાણે જ છે, બીજી રીતે નથી.

અનાદિથી મૂઢ પોતાને પુણ્ય-પાપના ફળનો સ્વામી માનતો હતો તેણે જાણ્યું કે હું તો અરિહંત અને સિદ્ધ જેવો આત્મા છું. મારામાં તો તેમના જેવા જ્ઞાન ને આનંદ છે. એમ જાણી એવા પોતાના સ્વરૂપની સન્મુખ થઈ પોતાના જ્ઞાનાનંદનો વ્યક્તપણે અંશે અનુભવ કરે ત્યારે તેને આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે તેની સાચી પ્રતીતિ થઈ કહેવાય. બાકી જ્ઞાનાનંદની વાતો કરવાથી જ્ઞાનાનંદ થતાં નથી. રાગની એકતા તૂટીને જ્ઞાનાનંદ સ્વરૂપની એકતા થતાં એ તો ચૈતન્યરાજા થઈ ગયો. એને ચૈતન્યની રાજધાની મળી ગઈ. અનાદિથી પોતાને રાગનો રાજા માનતો હતો એ તો ભિખારીપણું હતું.

૧૯૮૧-૮૨ની સાલમાં લીંબડીમાં ત્યાંના રાજા વ્યાખ્યાન સાંભળવા આવેલાં. એ રાજા કહે, મહારાજ! પૈસાવાળાનો ધર્મમાં કેટલો અધિકાર છે? તેને કીધું, જુઓ! ધર્મમાં પૈસાવાળાનો કાંઈ અધિકાર નથી. પૈસા તો જડ છે અને પૈસા મારા છે એવું લક્ષ જાય છે તે તો પાપ છે અને કદાચિત્ પૈસાના દાનાદિનો ભાવ આવે છે તે પુણ્ય છે. તેમાં ક્યાંય ધર્મ નથી.

વીતરાગનો માર્ગ અલૌકિક છે ભાઈ!

પૈસા હોય તેથી આત્માને શું? પૈસા મારા છે એવી માન્યતા તો અનંત દુઃખને દેનારી છે. વળી કેટલાક તો એવું માને છે કે અમે કાંઈ પૈસા માટે કારખાના ચલાવતાં નથી, લોકોને રોજી મળે એ માટે ચલાવીએ છીએ. એ તો એકલું મિથ્યા અભિમાન સેવે છે. ધર્મીને એવા મમત્વ અને અભિમાન હોતા નથી. એ ભલે મોટાં ચક્રવર્તીના રાજમાં હોય કે દેવલોકના ઇન્દ્ર હોય પણ રાજને, પૈસાને કે ઇન્દ્રપદને પોતાના માનતાં નથી. અરે! શુભવિકલ્પને પણ મારો માનતા નથી.

જેમ ચંદ્રમામાં પહેલાં બીજ ઊગે અને પછી વધતાં પૂનમ થાય છે તેમ ભેદજ્ઞાન એ કેવળજ્ઞાનરૂપી પૂનમની પ્રથમકળા છે. જ્ઞાનીને આવી સુવિવેકકળાનો રસ પ્રગટ થઈ ગયો છે. भात्र अनंत भये प्रतिबिंबित— આત્મા નિજધર્મને પામે છે. રાગની વૃત્તિથી ભિન્ન સમ્યગ્જ્ઞાન થતાં તેનું જ્ઞાન નિર્મળ થાય છે. તેમાં જગતના પદાર્થો જણાય છતાં તે જ્ઞાન મેલું થતું નથી.

ભરત ચક્રવર્તીને ૯૬ હજાર રાણી હતી, ૯૬ કરોડ પાયદળ હતું, ૪૮ હજાર

પાટણ હતાં, ૭૨ હજાર નગર હતાં; એક કરોડ હળ હતા છતાં એ જાણતા હતાં કે એ મારાં નહિ અને હું એનો નહિ. જ્યાં હું છું ત્યાં આ બધું નથી અને આ છે ત્યાં હું નથી, આવું ભેદજ્ઞાન જેને થાય છે તેને સમકિતી અને ધર્મી કહેવાય છે. એવા જીવોને જીવનમુક્ત દશા પ્રાપ્ત થઈ જાય છે એટલે કે જીવતો હોવા છતાં તે અંતરમાં મુક્ત છે. સંયોગ આયુષ્ય પુણ્ય-પાપના રાગ આદિ હોવા છતાં સમકિતી તેનાથી મુક્ત છે. સંયોગ આદિ જ્ઞાનમાં જણાય છે પણ તેમાં ધર્મીને મારાપણું થતું નથી. जीवन मोख दसा ठहरानी—સંયોગ અને રાગ તથા આયુષ્ય હોવા છતાં ધર્મી તેનાથી મુક્ત છે.

આ વાત લોકોને એલ.એલ.બી. ભણવા જેવી મોટી આકરી લાગે છે પણ આ તો ધર્મનાં પ્રથમ એકડાની વાત છે. એલ.એલ.બી. જેવી વાત તો હજુ દૂર છે.

શરીર, રાગ અને વિકલ્પથી ભિન્ન છું એનું ભાન થતાં ધર્મીને અનંત પદાર્થો જ્ઞાનમાં જણાય તો છે પણ 'મારાં છે' એમ મનાતું નથી કેમ કે જ્ઞાનમાં જાણવાનો તો એનો સ્વભાવ છે પણ મમતા કરવાનો સ્વભાવ નથી. જેમ અરીસામાં તેની નિર્મળતાના કારણે અગ્નિ, બરફ, નાળિયેર, કોલસા આદિ સર્વ પદાર્થ ઝળકે છે તેથી અરીસો કાંઈ ઉષ્ણ કે મેલો થઈ જતો નથી. તેમ જ્ઞાનરૂપી અરીસાની નિર્મળતાના કારણે અનંત પદાર્થો જ્ઞાનમાં જણાય છે પણ તેથી જ્ઞાન કાંઈ મેલું થઈ જતું નથી. **रहै थिररुप सदा सुखदानी ।** ધર્મીને શરીરમાં હલન-ચલનની, વાણીની, મનની, રાગની ક્રિયામાં ફેરફારો થવા છતાં ધર્મી સદા સ્થિરરૂપ-સુખરૂપ રહે છે. શરીરને હું ચલાવું છું, હું બોલું છું એ આદિ માન્યતા ધર્મીને થતી નથી. એવી બુદ્ધિ રહે છે કે, હું શરીરને ચલાવું છું. એ તો મિથ્યાદષ્ટિ છે. હું જ્ઞાનાનંદસ્વરૂપ છું એવું ભાન થયું તે જીવ સદા સુખી જ રહે છે—આનંદમાં જ છે. વિકલ્પથી તે મુક્ત છે.

સમ્યગ્દર્શન એ કોઈ સાધારણ ચીજ નથી. સમ્યગ્દર્શન થયું એટલે તે સુખમાં જ છે. આબાલ-ગોપાલ માને છે એવી સાધારણ ચીજ આ નથી. પુણ્ય–પાપના રાગથી ભિન્ન પડયો તે સુખમાં જ છે, દુઃખમાં નથી. દુઃખ તો વિકારમાં છે, વિકાર એ જીવનું સ્વરૂપ નથી. તેનાથી ભિન્ન જ્ઞાની સદા આનંદમાં મસ્ત રહે છે.

આ ૨૨મું પદ્ય થયું. હવે ૨૨મા શ્લોક ઉપર ૨૩મું પદ્ય કહે છે. તેમાં બનારસીદાસજી 'ભેદવિજ્ઞાનની મહિમા' ગાય છે. જેને વિકલ્પમાત્ર દુઃખરૂપ ભાસ્યા છે તેનાથી પોતાના આત્માને ભિન્ન જાણ્યો છે એવા ભેદજ્ઞાનની આ મહિમા છે.

याही वर्तमानसमै भव्यनिकौ मिटौ मोह,
लग्यौ है अनादिकौ पग्यौ है कर्ममलसौं ।

उदै करै भेदज्ञान महा रुचिकौ निधान,
उरकौ उजारौ भारौ न्यारौ दुंद–दलसौं ।।
जातैं थिर रहै अनुभौ विलास गहै फिरि
कबहूं अपनपौ न कहै पुदगलसौं ।
यहै करतूति यौं जुदाई करैं जगतसौं,
पावक ज्यौं भिन्न करै कंचन उपलसौं ।।२३।।

આ તો વીતરાગ પરમેશ્વરનું આપેલું માખણ છે.

અર્થઃ—આ સમયે જ ભવ્ય જીવોનો અનાદિકાળથી લાગેલો અને કર્મમળથી મળેલો મોહ નષ્ટ થઈ જાય. એ નષ્ટ થઈ જવાથી હૃદયમાં મહાપ્રકાશ કરનાર, સંશય-સમૂહને મટાડનાર દૃઢ શ્રદ્ધાનની રુચિસ્વરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે. એનાથી સ્વરૂપમાં વિશ્રામ અને અનુભવનો આનંદ મળે છે તથા શરીરાદિ પુદ્‌ગલ પદાર્થોમાં કદી અહંબુદ્ધિ રહેતી નથી. આ ક્રિયા તેમને સંસારથી એવી રીતે ભિન્ન કરી નાંખે છે જેમ અગ્નિ સુવર્ણને કિટ્ટિકા ( પથ્થર )થી ભિન્ન કરી દે છે.

ભવ્યજીવોનો અનાદિકાળથી લાગેલો મોહ આ આ સમયે જ નષ્ટ થાઓ. પ્રથમ તો, વસ્તુનું સ્વરૂપ આમ છે એમ સમજમાં તો લો. મારગ આ જ છે, બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી એમ સમજમાં લો તો પછી માર્ગ ઉપર ચાલે. પરલક્ષી સમજમાં પણ જે આ વાત લેતો નથી તે આગળ ન જઈ શકે.

पग्यो है कर्ममलसौं । અનાદિથી કર્મના નિમિત્તમાં પોતાપણું માનીને મિથ્યાત્વને સેવતો હતો તે હવે કર્મ અને મિથ્યાત્વને આત્માથી જુદાં જાણતાં મોહ નષ્ટ થઈ જાય છે.

એક મુમુક્ષુનો દીકરો પરદેશ રહે છે તેને પૈસો ને વૈભવ અને બાગબગીચા આદિ એટલા છે કે રજવાડું જોઈ લો. પણ એ અહીં અમારી પાસે આવે ત્યારે રડે છે કે! અરે અમે ક્યાં પડયા છીએ. ત્યાં આપનું નામ સાંભળતાં પણ અમારાથી રોવાય જાય છે. ( એટલો વિરહ લાગે છે )...બીજાંને એમ લાગે કે ઓહો! કેટલો વૈભવ છે! પણ એ વૈભવ નથી—ધૂળ છે. તેમાં ક્યાંય સુખ નથી. પૂર્વના પુણ્યને કારણે એ ધનાદિ-વૈભવ—ધૂળ દેખાય છે પણ એ જીવની ક્યાં હતી? એના મોહથી તો ઉલટો જીવ દુઃખી થાય છે, તેનાથી ભેદજ્ઞાન કરે, રાગની એકતા તોડે તો સુખી થાય.

અનાદિથી અજ્ઞાનીને જે જ્ઞાન રાગની એકતામાં રોકાયેલું હતું તે હવે રાગના વિકલ્પથી ભિન્ન પડે છે એવા પ્રથમમાં પ્રથમ સમકિત પ્રાપ્ત કરનારની વાત ચાલે છે.

મુનિ અને કેવળીની વાત તો કોઈ અદ્‌ભૂત અલૌકિક છે. અહીં તો ચોથા ગુણસ્થાનની વાત છે.

**उदै करै भेदज्ञान महा रुचिकौ निधान,** મોહ નષ્ટ થઈ જવાથી હૃદયમાં મહાપ્રકાશ કરનાર, સંશયસમૂહને મટાડનાર, દૃઢ શ્રદ્ધાનની રુચિસ્વરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે જ્ઞાનાનંદનો દરિયો—મહાપ્રભુની રુચિ થઈ, રાંક એવા રાગની રુચિ હતી તે ગઈ અને મોટા મહાનિધાનસ્વરૂપ નિજઆત્માની રુચિ થઈ, ભેદવિજ્ઞાન પ્રગટ થયું—ચૈતન્યનો પ્રકાશ અનુભવમાં આવ્યો ત્યારે તેને સમકિતી કહેવાય છે તેને ત્યારથી જ સંશયાદિ દોષ મટી જાય છે, પુણ્ય-પાપના વિકલ્પના દ્વંદથી જુદો પડી જાય છે.

આ ભગવાનની કહેલી વાત છે, ન્યાયથી બધું કહેવાય છે. તેની તું તુલના કર, સમજણ કર તો તને ખબર પડે કે આ જ માર્ગ છે. જેને જન્મ-મરણના દુ:ખથી મુક્ત થવું હોય તેણે આવું સમ્યક્‌ત્વ પ્રગટ કર્યે છૂટકો છે. બાકી ચોરાશીના અવતારમાં ધોકા ખાઈને અનાદિથી રખડયો છે. અનંતવાર અબજોપતિ શેઠિયો પણ થયો અને સો વાર માંગે ત્યારે કોળિયો ખાવાનું મળે એવો ભિખારી પણ અનંતવાર થયો. આ બધી કર્મની રમત છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ સમજીને અનુભવ કરતાં તો સ્વરૂપમાં વિશ્રામ મળે છે, અનુભવનો આનંદ મળે છે, પુણ્ય-પાપનું દ્વંદ અને શરીરાદિ પુદ્‌ગલમાંથી અહંબુદ્ધિ છૂટી જાય છે.

**जातैं थिर रहै अनुभव विलास गहै..** વિકલ્પથી જુદો પડી, સ્વરૂપનો અનુભવ કરી તેમાં સ્થિર થઈ ધર્મી અનુભવનો વિલાસ કરે છે. હવે ફરીને તે કદી શરીરાદિમાં મમત્વ કરતો નથી, રાગને મારો માનતો નથી.

આ તો 'કાજળની કોટડીમાં રહેવું અને પગને ડાઘ લાગવા દેવો નહિ' એના જેવી વાત કોઈને લાગે પણ એમ નથી. આ તો 'આનંદની કોટડીમાં રહેવું અને રાગનો લેપ લાગવા દેવો નહિ' એની વાત છે. આ ધર્મી થયો તેની વાત છે. અજ્ઞાનીની વાત નથી. અજ્ઞાનીને તો શરીરની અને રાગની ક્રિયાથી હું ભિન્ન છું એ ભાન નથી એટલે સાધુ થઈને ઘણી ક્રિયા કરે તોપણ દુ:ખી જ છે. અજ્ઞાની તો બધાં મરી ગયેલાં સમાન છે. અનંતકાળમાં કયારેય જીવતો થયો નથી. અષ્ટપાહુડમાં કહ્યું છે કે, રાગથી ભિન્ન ભગવાન આત્માનો જેને અનુભવ નથી તે ચાલતાં મડદાં છે. ઓલાં મડદાને બીજા ઉપાડીને લઈ જાય અને આ ચાલે છે પણ જીવતાં જીવના ભાન વગરના બધાં મડદાં જ છે. આ જીવદ્વારમાં પણ આગળ રજમા પદ્યમાં આવશે કે જિનપદ શરીરમાં નથી, જિનપદ ચેતનાર એવા ચેતનમાં છે.

પુણ્ય-પાપના વિકલ્પ પણ જડ છે, અચેતન છે તેને ધર્મી પોતાના માનતા નથી. અજ્ઞાનીએ અનંતકાળમાં બધું કર્યું છે, એક આ 'સમ્યગ્દર્શન' કર્યું નથી તેથી બહુ મોંઘુ લાગે છે પણ જેણે આ કરી લીધું એવા ધર્મી તો અનુભવનો વિલાસ કરે છે. લોકો કામકાજ પતાવી ખુલ્લામાં ખુરશી નાંખીને ભેગા થઈને બેસે, ગપ્પા મારે અને નાસ્તા ઉડાવે તેમાં વિલાસ માને છે પણ તેમાં સુખ નથી. કોઈ અભિનંદન આપે તેમાં સુખ માને પણ આબરૂમાં સુખ કયાં છે! પૂર્વના પુણ્યના રજકણ હતાં તે આવીને બળી ગયા તેમાં તારાં ભાગમાં શું આવ્યું! પૂર્વે એકેન્દ્રિયાદિમાં કાંઈક શુભભાવ થયા હશે તેથી શાતાકર્મ બંધાઈને પડયા હતા તેનો પાકકાળ આવતાં એવી સોગઠી ગોઠવાઈ ગઈ કે પાંચ-પચ્ચીશ કરોડ રૂપિયા ભેગા થયેલાં દેખાય છે પણ એ તો જડમાં ભેગા થયા છે. તું તો ચૈતન્ય છો તને તો એ સ્પર્શ્યા પણ નથી. છોકરાની વચ્ચે બંગલામાં બેઠા હો ત્યારે આ યાદ આવે ખરૂ!

જે ધર્મી થયા તે હવે આદિ અનંતકાળ પુદ્‌ગલને પોતાના નહિ માને. પરમાં સુખ નહિ માને. સુખ માને છે એ તો અજ્ઞાનીની કલ્પના છે. વાસ્તવમાં શરીરમાં, પૈસામાં કે વૈભવમાં જીવનું સુખ કયાંથી હોય! અજ્ઞાની અજ્ઞાનથી પરમાં સુખ માનીને મિથ્યાત્વને સેવે છે અને પછી દયા, દાનાદિના શુભભાવ અને ક્રિયા કરીને તેનાથી ધર્મ માને છે પણ એ ક્રિયા જીવની નથી. તો જીવની સાચી ક્રિયા કઈ છે?

**यहै करतूति यौं जुदाई करै जगतसौं....।** આખા જગતથી જે ક્રિયા જીવને જુદો પાડે છે એ જીવની સાચી ધાર્મિક ક્રિયા છે. આ ક્રિયા ધર્મીને પુણ્યના વિકલ્પથી માંડીને આખા સંસારથી એવી રીતે ભિન્ન કરી નાંખે છે જેમ અગ્નિ સુવર્ણને પથ્થરથી ભિન્ન કરી નાંખે છે. ખાણમાંથી પથ્થર સહિત સોનુ નીકળે છે તેને અગ્નિમાં તપાવતાં સોનુ પથ્થરથી જુદુ પડી જાય છે તેમ અનાદિથી આત્મા પુણ્ય-પાપ સહિત દેખાતો હતો તે ભેદવિજ્ઞાનની ક્રિયા વડે પથ્થર સમાન પુણ્ય-પાપના વિકલ્પ અને કર્મ શરીરથી સોના જેવો ભગવાન આત્મા જુદો પડી જાય છે. આ ભેદવિજ્ઞાનથી જ ધર્મની શરૂઆત થાય છે બાકી પૈસાથી કે શરીરની ક્રિયાથી ધર્મ થાય તેમ નથી. પૈસાથી ધર્મ હોય તો તો ગરીબને ધર્મ કયાંથી થાય! રાંકાને રોવું પડે. પણ એમ નથી.

જેમ અગ્નિ કંચન ને પથ્થરને ભિન્ન કરે છે તેમ ધ્યાનાગ્નિ અથવા ભેદજ્ઞાન અગ્નિ પર તરફના વલણવાળા વિકલ્પથી સ્વ તરફની અંતરની શાંતિને જુદી પાડી લે છે અને સ્વભાવમાં એકત્વને પામે છે. આનું જ નામ સમ્યગ્દર્શન છે, આ જ ભેદ-વિજ્ઞાન છે, આ જ સમ્યગ્જ્ઞાન છે અને આ વીતરાગમાર્ગની શોભા છે.

રાગ ને પુણ્ય-પાપના વિકલ્પ સહિત આત્માને માનવો તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે અને તેનાથી રહિત આત્માને જાણે છે તે સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ છે. આવા સમ્યક્ત્વ વિના જે કાંઈ વ્રત, દાનાદિ ક્રિયા કરે તેનાથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય, જન્મ-મરણનો અંત ન આવે જન્મ-મરણના અંતનો ઉપાય તો આ એક 'ભેદજ્ઞાન' છે.

[ ક્રમશઃ ]

---

## ફ્ર ત્રિકાળી શુદ્ધ પરમતત્ત્વ તે જ હું છું ફ્ર

* અરે! અશુદ્ધ પરિણતિની વાત તો ક્યાંય રહી, પણ અહીં તો એમ કહે છે કે ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળ દશા છે તે પણ જીવને નથી, જીવમાં નથી, પણ તેઓ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય છે. આચાર્યદેવે ગજબ વાત કરી છે ને! ત્રિકાળી શુદ્ધ નિર્વિકલ્પ પરમ તત્ત્વની દૃષ્ટિ પૂર્વક જે અયોગી કેવળીનું ગુણસ્થાન પર્યાયમાં પ્રગટ થયું તે પણ પુદ્‌ગલના પરિણામમય કહ્યાં છે! કેમકે આ સઘળાય ગુણસ્થાનો જીવની પર્યાયસ્થિતિને જણાવે છે, ત્રિકાળી વસ્તુસ્વભાવને બતાવનારા તેઓ નથી, તેમના લક્ષે તો વિકલ્પ ઊઠે છે, તેમના લક્ષે વસ્તુસ્વભાવનું લક્ષ ચૂકી જવાય છે. માટે તેઓ જીવના નથી. વળી વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે આત્માનુભવ થાય છે તેમાં પરિપૂર્ણ ત્રિકાળી શુદ્ધ પરમ તત્ત્વ તે જ હું છું એમ પર્યાયમાં અનુભવ થાય છે. પરંતુ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે હું છું એવો અનુભવ થતો નથી; એ રીતે ચૌદગુણસ્થાન પર્યંતની સઘળીય અવસ્થાઓ –ભેદો સ્વાત્માનુભૂતિથી ભિન્ન રહી જતાં હોવાથી, સ્વભાવમાં તેનો અભાવ હોવાથી તથા તેના લક્ષે વિકલ્પ ઊઠતો હોવાથી તે સઘળાય જીવના નથી, પરંતુ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# ▣ વૈરાગ્યજનની : બાર ભાવના ▣

[શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ ધર્માનુપ્રેક્ષાનો અધિકાર છે. ભગવાન કાર્તિકેયસ્વામીને છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ ઊઠતાં આ બાર અનુપ્રેક્ષાઓ લખાઈ ગઈ છે. તેમાં ધર્માનુપ્રેક્ષામાં શ્રાવકની અગિયારમી પડિમાનું વર્ણન કરે છે.

यः नवकोटिविशुद्धं भिक्षाचरणेन भुंक्ते भोज्यम् ।
याचनरहितं योग्यं उद्दिष्टाहारविरतः सः ॥ ३९० ॥

અર્થ:—જે શ્રાવક, મન-વચન-કાયા તથા કૃત-કારિત-અનુમોદના જન્ય નવ પ્રકારના દોષરહિત અર્થાત્ નવકોટિ શુદ્ધ આહાર ભિક્ષાચરણપૂર્વક ગ્રહણ કરે, તેમાં પણ યાચનારહિત ગ્રહણ કરે પણ યાચનાપૂર્વક ગ્રહણ ન કરે, તેમાં પણ યોગ્ય (નિર્દોષ) આહાર ગ્રહણ કરે પણ સચિત્તાદિ દોષસહિત અયોગ્ય હોય તો ગ્રહણ ન કરે તે ઉદ્દિષ્ટઆહારનો ત્યાગી છે.

અખંડ ચૈતન્યસ્વભાવના અવલંબને જેને વિશેષ વીતરાગતા થઈ છે ને રાગ તૂટી ગયો છે એવો અગિયારમી પડિમાવાળો શ્રાવક ઉદ્દિષ્ટઆહારને લેતો નથી, મન-વચન-કાયાથી કે કૃત-કારિત-અનુમોદનાથી પોતાના માટે કરેલા આહારના ગ્રહણનો વિકલ્પ આવે નહિ; મુનિ તો ન લ્યે, પણ આ શ્રાવકપણે પોતાના માટે બનાવેલી ચીજ ન લ્યે; બજારમાંથી પોતાના માટે લાવેલી ચીજ તે લ્યે નહિ. પાણી કે આહાર કોઈ પાસે માગે નહિ, યાચનારહિત આહાર ગ્રહણ કરે છે. હજી તો આહારની યાચના કરે, પોતાના માટે કરેલો આહાર લ્યે-એવા જીવને મુનિદશા હોય નહિ. જો તેમાં મુનિપણું મનાવે તો તે અજ્ઞાની છે.

આગમ કેવા હોય? આગમમાં કહેલા શ્રાવક કેવા હોય? મુનિ કેવા હોય, દેવ કેવા હોય? તેને ઓળખ્યા વિના વસ્ત્રાદિ સહિત દશામાં મુનિદશા મનાવે-તે સનાતનમાર્ગ નથી. મુનિપણું ન પાળી શકે તો તે કાંઈ મોટો દોષ નથી, પણ મુનિપણું નામ ધરાવીને વિપરીતપણે પ્રવર્તે તે મોટો દોષ છે. તેને તો મુનિ કેવા હોય તેની શ્રદ્ધા પણ સાચી નથી. અહો! વીતરાગમાર્ગના મુનિવરો યાચના કરે નહિ. "સૂજતો આહાર છે?" એમ મુનિ પૂછે નહિ. અરે! અગિયારમી પડિમાવાળો શ્રાવક પણ આહારને માટે પૂછે નહિ. તો પછી મુનિદશાની તો શી વાત કરવી? "णमो लोए सव्वसाहूणं"માં

જે સાધુઓને નમસ્કાર કર્યા છે તે સાધુની દશા ઘણી વીતરાગી નિર્ગ્રંથ હોય છે. અંતરના આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં ઉત્કૃષ્ટ શ્રાવકને ત્રીજા કષાયનો પણ ઘણો ઘટાડો થઈ ગયો છે. એવા શ્રાવક આહારને યાચે નહિ. યાચના કરવી તેનું નામ યાચના પરિષહ નથી. જેમ જંગલનો સિંહ કોઈ પાસે આહાર માગવા ન જાય તેમ મુનિવરો તો વીતરાગ માર્ગે વિચરનારા સિંહ છે, તે આહારને કોઈ પાસે માગે નહિ. સહેજે નિર્દોષ આહાર વિધિપૂર્વક મળે તો જ ગ્રહણ કરે. અગિયારમાં પડિમાવાળો શ્રાવક પણ પોતાના માટેનો દોષિત આહાર લેતો નથી. વીતરાગ માર્ગની આજ્ઞા છે, માટે તેમ કરવું પડે છે એમ નથી. પણ અંતરમાં તે જાતનો રાગ જ તે ભૂમિકામાં થતો નથી, એવી શ્રાવકની સહજ દશા હોય છે. જુઓ, આ વાત વીતરાગમાર્ગના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સહિતની છે, જેને હજી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું ભાન નથી, આત્માનું ભાન નથી, એવા જીવો શુદ્ધ આહારપાણી લ્યે-તો તેને કાંઈ મુનિપણું કે શ્રાવકપણું કહેવાય નહિ.

ભાવાર્થ:—જે ઘર છોડી મઠ મંડપમાં રહેતો હોય, ભિક્ષાચરણથી આહાર લેતો હોય, પણ પોતાના નિમિત્તે કોઈએ આહાર બનાવ્યો હોય તો તે આહારને ન લે, યાચનાપૂર્વક ન લે તથા માંસાદિક વા સચિત્ત એવો અયોગ્ય આહાર ન લે તે ઉદ્દિષ્ટવિરતિ શ્રાવક છે.

જે શાસ્ત્રમાં એમ લખ્યું હોય કે મુનિએ વસ્ત્ર ધોવાં નહિ-પણ તે વાત મૂળમાં જ ફેર છે. મુનિને વસ્ત્ર હોય જ નહિ, પછી ધોવાની વાત કયાં રહી? વસ્ત્ર રાખે, ને વળી આઠ આઠ મહિના સુધી ધોયા વિના રાખે-તેમાં તો ઘણા ત્રસ જીવો થઈ જાય, ને મોટી હિંસા થાય. સર્વજ્ઞમાર્ગના મુનિઓને વસ્ત્ર હોય જ નહિ. ત્રણે કાળનો એવો જ મુનિમાર્ગ છે ને શ્રાવકમાં પણ અગિયારમી પડિમાવાળો શ્રાવક આહારની યાચના કરે નહિ. જુઓ તો ખરા-બે કથનમાં કેટલો ફેર!! એક તો કહે છે કે મુનિ આહારની યાચના કરે! ને અહીં કહે છે કે અગિયારમી પડિમાવાળો શ્રાવક પણ આહારની યાચના કરે નહિ. જરાક વિચાર તો કરો કે કોનું કથન યથાર્થ છે. અંતરના ચિદાનંદ સ્વભાવને સાધનારો ઉત્તમ શ્રાવક પણ એવો વૈરાગી હોય છે કે આહાર માગે નહિ. કોઈની પાસે આહારાદિ માગવાં તે તો ભિખારાપણું ને રાંકાપણું છે. મુનિ તેમ જ ૧૧ મી પડિમાવાળો શ્રાવક આહાર માગે તો નહિ, પણ પોતાને માટે કરેલો આહાર પણ ન લ્યે આવો તેનો વીતરાગભાવ હોય છે.

એ પ્રમાણે શ્રાવકોની અગિયાર પડિમા વર્ણવી.

હવે અંતસમયમાં શ્રાવક આરાધના કરે તેની વાત કરે છે. પહેલાં બાર વ્રતના વર્ણન પછી સંલ્લેખના વર્ણવી હતી. ત્યાં પણ પાંચમા ગુણસ્થાનવાળાની વાત હતી, ને અહીં પણ પાંચમા ગુણસ્થાનવર્તી ઉત્કૃષ્ટ પડિમાવાળા શ્રાવકની વાત કરે છે.

यः श्रावकव्रतशुद्धः अन्ते आराधनं परं करोति ।
सः अच्युते स्वर्गे इन्द्रः सुरसेवितः भवति ।। ३९१ ।।

અર્થ:—જે શ્રાવક, વ્રતોથી શુદ્ધપુરુષ છે તથા અંતસમયે દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપરૂપ ઉત્કૃષ્ટ આરાધના આરાધે છે તે અચ્યુત સ્વર્ગમાં દેવોથી સેવનિય ઇન્દ્ર થાય છે.

જુઓ, શ્રાવક કેવો છે? सावय वय सुद्धो એટલે કે શ્રાવક વ્રતોથી શુદ્ધ છે. દેહ છૂટવાનાં ટાણાં આવે ત્યાં અંદરમાં ઉત્કૃષ્ટ આરાધના કરીને વીતરાગી શાંતિમાં ઝૂલતાં દેહ છોડીને સ્વર્ગમાં ઇન્દ્ર થાય છે.

અહીં શ્રાવકની વાત છે તેથી તેના ઉત્કૃષ્ટ ફળ તરીકે સોળમાં અચ્યુત સ્વર્ગ સુધીની વાત લીધી. આ વાત ઉત્કૃષ્ટ છે.

ભાવાર્થ:—જે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક, નિરતિચારપણે અગિયાર પ્રતિમારૂપ શુદ્ધવ્રતને પાલન કરે છે અને અંતસમયે મરણકાળમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ (એ ચાર) આરાધનાને આરાધે છે તે અચ્યુતસ્વર્ગમાં ઇંદ્ર થાય છે. આ ઉત્કૃષ્ટ શ્રાવકના વ્રતોનું ઉત્કૃષ્ટ ફળ છે. એ પ્રમાણે અગિયાર પ્રતિમાઓનું સ્વરૂપ કહ્યું. અન્ય ગ્રંથોમાં તેના બે ભેદ કહ્યા છે, પ્રથમ ભેદવાળો તો એક વસ્ત્ર રાખે, કેશોને કાતરથી વા પાછણાથી સોરાવે (ક્ષૌર કરાવે), પોતાના હાથથી પ્રતિલેખન કરે, બેસીને ભોજન કરે. પોતાના હાથમાં ભોજન કરે વા પાત્રમાં પણ કરે, ત્યારે બીજા ભેદવાળો કેશોનો લોચ કરે, પ્રતિલેખન પાછળથી કરે, પોતાના હાથમાં જ ભોજન કરે તથા કોપિન ધારણ કરે ઇત્યાદિક તેની વિધિ અન્ય ગ્રંથોથી સમજવી. એ પ્રમાણે પ્રતિમા તો અગિયાર થઈ તથા બાર ભેદ કહ્યા હતા તેમાં આ શ્રાવકનો બારમો ભેદ થયો.

જુઓ, આ વીતરાગમાર્ગના શ્રાવકની દશા! મુનિદશા તો હજી આથી પણ ઊંચી છે. જ્યાં સુધી એક કોપિન (લંગોટી)નો કટકો પણ રાખે ત્યાં સુધી પાંચમું ગુણસ્થાન હોઈ શકે, પણ મુનિદશા હોય જ નહિ. અહો! સાચા ભાવલિંગી વીતરાગી મુનિ કેવા હોય-તે બતાવવા માટે અત્યારે નમૂનો પણ દેખાતો નથી, આ વાત સમજ્યા વગર ગોટા વાળે તેને વીતરાગમાર્ગનું ભાન નથી.

પહેલાં સાચી શ્રદ્ધા તે ગૃહસ્થનો પ્રથમ ધર્મ છે, તે પછી શ્રાવકની અગિયાર પડિમા કહી તે અગિયાર પ્રકારનો ધર્મ છે–એ રીતે ગૃહસ્થધર્મના બાર ભેદ થયા.

છઠ્ઠી પડિમા સુધી જઘન્ય શ્રાવક છે.

સાતમી-આઠમી ને નવમીવાળા મધ્યમ શ્રાવક છે,

દસ-અગિયાર પડિમાવાળા ઉત્કૃષ્ટ શ્રાવક છે.

પણ તે બધાય આત્માના ભાનસહિત હોય છે.

અંતરમાં આત્માના ભાનસહિત, શાંતિનું વેદન વધતાં તે જાતના વીતરાગભાવ સહિત આ વ્રતાદિ હોય તો જ તે સફળ છે. સમિતિગુપ્તિ ઈત્યાદિ મુનિના જેટલા માર્ગ કહ્યા છે તે બધાયનો એક અંશ શ્રાવકને પોતાની ભૂમિકા પ્રમાણે હોવો જોઈએ. હાલવા–ચાલવામાં, બોલવા વગેરેમાં પ્રમાદનો પાર ન હોય-ક્યાં કેવી હિંસા થાય છે તેનોય વિવેક ન હોય–એવા જીવને શ્રાવકના વ્રત હોય નહિ માટે કહ્યું કે સમિતિ સહિત પ્રવર્તે તો જ શ્રાવકના અણુવ્રત સફળ છે.

પ્રશ્ન:—ગૃહસ્થને અસિ, મસિ, કૃષિ, વાણિજ્યના આરંભમાં ત્રસસ્થાવર જીવોની હિંસા થાય છે, હવે ત્રસહિંસાનો ત્યાગ તેનાથી કેવી રીતે બને?

સમાધાનઃ—પક્ષ, ચર્યા અને સાધકતા એમ શ્રાવકની ત્રણ પ્રવૃત્તિ કહી છે. ત્યાં પક્ષનો ધારક છે તેને પાક્ષિકશ્રાવક કહે છે, ચર્યાના ધારકને નૈષ્ઠિકશ્રાવક કહે છે, તથા સાધકતાના ધારકને સાધકશ્રાવક કહે છે. ત્યાં પક્ષ તો આ પ્રમાણે છે કે-જૈનમાર્ગમાં ત્રસહિંસાના ત્યાગીને શ્રાવક કહ્યો છે તેથી હું મારા પ્રયોજનને માટે વા પરના પ્રયોજનને માટે ત્રસજીવોને હણું નહિ, ધર્મને માટે, દેવતાને માટે, મંત્રસાધનને માટે, ઔષધને માટે, આહારને માટે તથા અન્ય ભોગોને માટે હણું નહિ એવો પક્ષ જેને હોય તે પાક્ષિક છે. અસિ-મસિ-કૃષિ અને વાણિજ્યાદિ કાર્યોમાં તેનાથી હિંસા તો થાય છે તોપણ મારવાનો અભિપ્રાય નથી, માત્ર પોતાના કાર્યનો અભિપ્રાય છે ત્યાં જીવઘાત થાય છે તેની આત્મનિંદા કરે છે, એ પ્રમાણે ત્રસહિંસા નહિ કરવાના પક્ષમાત્રથી તેને પાક્ષિક કહીએ છીએ. અહીં અપ્રત્યાખ્યાનાવરણ કષાયના મંદ ઉદયના પરિણામ છે માટે તે અવ્રતી જ છે. વ્રતપાલનની ઇચ્છા છે પણ નિરતિચાર વ્રત પાલન થતા નથી તેથી તેને પાક્ષિક જ કહ્યો છે.

શ્રાવકને ત્રસહિંસાના પરિણામ હોય નહિ, ત્રસજીવોને હણવાનો અભિપ્રાય ન હોય, છતાં વેપાર વગેરેમાં ત્રસહિંસા થઈ જતી હોય તો તે શ્રાવકને વ્રતોનો પક્ષ છે,

પણ હજી તેવી ચર્યા પાળી શકતો નથી. આત્મજ્ઞાન ટકી રહે છે પણ વ્રતોને અતિચાર રહિત પાળી શકતો નથી. આવા પાક્ષિક શ્રાવકને અહીં ચોથા ગુણસ્થાનવાળો અવ્રતી ગણ્યો છે.

વળી નૈષ્ઠિક થાય છે ત્યારે અનુક્રમે પ્રતિમાની પ્રતિજ્ઞા પળાય છે, આને અપ્રત્યાખ્યાનાવરણકષાયનો અભાવ થયો છે તેથી પાંચમા ગુણસ્થાનની પ્રતિજ્ઞા અતિચારરહિત પળાય છે. ત્યાં પ્રત્યાખ્યાનાવરણ કષાયના તીવ્ર-મંદ ભેદોથી અગિયાર પ્રતિમાના ભેદ છે, જેમ જેમ કષાય મંદ થતો જાય છે તેમ તેમ આગલી પ્રતિમાની પ્રતિજ્ઞા થતી જાય છે. ત્યાં એમ કહ્યું છે કે ઘરનું સ્વામિપણું છોડી, ગૃહકાર્ય તો પુત્રાદિકને સોંપે તથા પોતે કષાયહાનિના પ્રમાણમાં પ્રતિમાની પ્રતિજ્ઞા અંગીકાર કરતો જાય. જ્યાં સુધી સકલસંયમ ગ્રહણ ન કરે ત્યાં સુધી અગિયારમી પ્રતિમા સુધી નૈષ્ઠિકશ્રાવક કહેવાય છે, જ્યારે મરણકાળ આવ્યો જાણે ત્યારે આરાધનાસહિત થઈ એકાગ્રચિત્ત કરી પરમેષ્ઠિના ચિંતવનમાં રહી સમાધિપૂર્વક પ્રાણ છોડે તે સાધક કહેવાય છે એવું વ્યાખ્યાન છે.

શ્રાવકને પહેલેથી દેહથી ભિન્નતાનું ભાન તો છે ને અંતસમયના ટાણે શાંતિ વધારતો. આરાધનાપૂર્વક દેહ છોડે છે, અકસ્માત દેહ છૂટવાના ટાણા આવે તોપણ અંદર ચૈતન્યની સંભાળ કરી છે, તેની શાંતિ ભોગવતો દેહ છોડે છે એટલે કે સાધકપણા સહિત દેહ છોડે છે-એવો શ્રાવક તે સાધક છે. મરણ વખતે બહારના સંકલ્પ-વિકલ્પનો સંકેલો કરી અંદરમાં આરાધના વધારે છે.

"વળી કહ્યું છે કે જે ગૃહસ્થ, દ્રવ્યનું ઉપાર્જન કરે તેના છ ભાગ કરે, એક ભાગ તો ધર્મના અર્થે આપે, એક ભાગ કુટુંબના પોષણમાં આપે".

જુઓ, આ જાતનો ઉલ્લાસભાવ ધર્મી શ્રાવકને આવે છે. ભોગ અને દેહને પોષવા માટે તો ઘણું ખર્ચ કરે ને ધર્મના પ્રસંગમાં કાંઈ પણ ખર્ચવાનો ઉલ્લાસ ન આવે તો તેને ધર્મનો પ્રેમ નથી. અનંતકાળે સાચા દેવ-ગુરુ-ધર્મ પ્રાપ્ત થયા ત્યારે તેને માટે જેને તન-મન-ધનથી હરખ અને ઉલ્લાસ નથી આવતો તેને ધર્મનો પ્રેમ નથી, તેને ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. [ ક્રમશઃ ]

# બધા શાસ્ત્રોનો સાર : વીતરાગભાવ

[ શ્રી પંચાસ્તિકાય ગાથા-૧૭૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

બધાં શાસ્ત્રોનો સાર વીતરાગભાવ છે. કોઈ શાસ્ત્ર શુભરાગ પણ કરવા જેવો છે એમ નિશ્ચયથી કહે નહિ.

અનંતા તીર્થંકરદેવ થઈ ગયા, વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રે બિરાજે છે, તેમણે સર્વ પ્રકારના રાગથી છૂટી ત્રિકાળી ધ્રુવ જ્ઞાનાનંદ સ્વભાવથી જ હિત અને હિતનો માર્ગ કહેલ છે. તેનાથી વિરુદ્ધ કહે તે દેવ, શાસ્ત્ર ને ગુરુ મિથ્યા છે. વીતરાગપ્રણીત શાસ્ત્રથી જ વસ્તુસ્વરૂપ જાણવામાં આવે છે. છયે દ્રવ્યો ત્રિકાળ ભિન્ન ભિન્ન છે, જે 'છે' તે પોતાથી છે, અનંતા પર પદાર્થથી જુદા, સ્વતંત્ર ટકીને બદલનારા છે. પર વસ્તુ મારામાં નથી, હું પરમાં નથી એમ સ્વતંત્રપણું નક્કી કરે તો ક્ષણિક વિકાર ત્રિકાળ સ્વરૂપમાં નથી એમ સ્વસન્મુખતારૂપ ધર્મ શરૂ થાય.

છયે દ્રવ્યો ત્રિકાળ જુદાં છે એમ જાણતાં સ્વતંત્રતા, વીતરાગતા જ આવે છે. પંચાસ્તિકાયનું જ્ઞાન કરતાં ગમે તે પડખે એક વીતરાગતા જ ઉપાદેય છે એમ આવે છે. છ દ્રવ્ય સ્વતંત્ર છે એમ નક્કી કરનારને નિર્મળ ભેદજ્ઞાન એટલે વીતરાગતા થયા વિના રહે નહિ. કોઈ સંયોગ કાળ કર્મ કે ક્ષેત્ર નડે અથવા મદદ કરે એમ પરાધીનપણું ભાસતું નથી અને એવું ભેદજ્ઞાન થતાં પરમાં કર્તાબુદ્ધિ છૂટી ત્રિકાળ જ્ઞાતા જ છું એમ અંદર સ્વરૂપમાં જ્ઞાતાપણું, વીતરાગપણું, સ્વતંત્રપણું થયા વિના રહેતું નથી.

વીતરાગદેવ છ દ્રવ્ય પૃથક્ પૃથક્ કહીને સર્વત્ર વીતરાગતા જ બતાવે છે. આત્મા તરફનો અંતર વલણભાવ બતાવે છે. ક્ષણિક વિકારની બુદ્ધિ છોડાવી ત્રિકાળ અવિકારી જ્ઞાયકસ્વરૂપમાં ઢળવાનું બતાવે છે.

પંચાસ્તિકાય બતાવીને તારું ચિદાનંદમય જીવાસ્તિકાય સ્વરૂપ પરથી જુદું જ છે એમ બતાવે છે. પરલક્ષે થતો ક્ષણિક વિકાર છે તે પરને લીધે નથી ને વિકારને લીધે ત્રિકાળ જીવાસ્તિકાયપણું નથી. કર્મનો ઉદય જડ છે, તે ભિન્ન છે ને તારું જીવતત્ત્વ ભિન્ન છે. આઠ કર્મથી જીવ રોકાયો નથી, કેમકે બન્નેની સત્તા ભિન્ન ભિન્ન છે.

રોટલી વગેરે ખાઈ શકું છું એમ જે માને છે તે સ્વતંત્ર જીવાસ્તિકાયને માનતો નથી. કરોડો રૂપિયા પાંચ ભાઈઓ પાસે હોય પણ જ્ઞાની તેમાં પોતાનો ભાગ માનતો નથી, તે જાણે છે કે મારો ભાગ તો અનંત ગુણમૂર્તિ જીવાસ્તિકાયમાં જ છે.

છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય છે. દરેકની સત્તા ત્રિકાળ પોતાપણે છે ને પરથી ભિન્ન છે અને પોતપોતાના ગુણપર્યાયથી અભિન્ન છે. એવું ભેદજ્ઞાન કરે તો પરાશ્રયબુદ્ધિ ટળીને સ્વતંત્ર સ્વાશ્રયપણું થયા વિના રહે નહિ. સંસારભાગમાં દેખો તો ક્ષણિક વિકાર પુણ્યપાપની લાગણી તે જડકર્મથી નથી પણ તે પર્યાયમાં તારો જીવાસ્તિકાયનો ભાગ (અંશ) છે અને તે ક્ષણિક વિકાર ઉપરથી દૃષ્ટિ ઊઠાડી ત્રિકાળ અવિકારી જ્ઞાતામાત્રમાં અભેદ દૃષ્ટિ કરવી તે વીતરાગી ધર્મદૃષ્ટિ છે.

નિશ્ચયવ્યવહારનું કથન વીતરાગમાર્ગમાં જ છે. નિશ્ચય થયો પણ પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી સાચા દેવાદિ તરફનો રાગ આવ્યા વિના રહે નહિ. જ્ઞાની તેને જાણે પણ તેનાથી ધર્મ ન માને. યથાર્થ વસ્તુસ્વભાવ જાણતાં સહજ મોક્ષ સધાય છે. છ દ્રવ્ય ન માને તો પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ કરવાનો ઉપાય બની શકે નહિ.

કોઈ કાળ તને રોકનાર નથી. પરથી ભિન્ન અંદર સ્વરૂપમાં વીતરાગી દૃષ્ટિ કરી તે જ સ્વકાળલબ્ધિ છે. મોક્ષનું સાધન પણ ભેદજ્ઞાનરૂપ થતો એવો આ આત્મા જ છે. તું જુદો છે પછી તારાથી જુદાનું શું કરીશ? પુદ્ગલાસ્તિકાય બતાવતાં તેનાથી હું જુદો જ છું અને તેનાથી મારો સંબંધ નથી એમ અંદર વીતરાગી દૃષ્ટિ ન કરે તો તે શાસ્ત્રતાત્પર્ય માનતો નથી.

ભરતેશવૈભવ વગેરે પુરાણશાસ્ત્રોમાં આત્મવૈભવ તથા પુણ્યવૈભવનું વર્ણન આવે છે તે સાંભળીને જે પુણ્યની મીઠાશ વેદે છે તેણે, શાસ્ત્રોનો હેતુ પરથી—વિકારથી ભિન્ન અને સ્વથી અભિન્ન—અરાગી જ્ઞાતાપણું બતાવવાનો છે તે જાણ્યો નથી. પુણ્ય તે પુદ્ગલાસ્તિકાય છે ને પુણ્ય-પાપરૂપ વિકાર તે જીવાસ્તિકાયનો અંશ છે તેની રુચિ છોડી અંદર અભેદદૃષ્ટિ-વીતરાગી દૃષ્ટિ કરવી તે પ્રયોજન શાસ્ત્રે કહ્યું છે તે ન માન્યું તો તેણે નવતત્ત્વ ભિન્ન ભિન્ન છે તેમ માન્યું નહિ.

પુણ્ય-પાપ તે વિકારીભાવ છે તે સંવર-નિર્જરા નથી તથા તેનાથી ધર્મ નથી, દયા, દાન, વ્રતાદિભાવ તે પુણ્યતત્ત્વ છે, તે જીવતત્ત્વ નથી, પુણ્યથી સંવર-નિર્જરારૂપ ધર્મ થતો નથી, તેનાથી ધર્મ થાય તો પુણ્યતત્ત્વ અને સંવર-નિર્જરાતત્ત્વ જુદાં રહેતાં નથી. સંવર-નિર્જરા અંશે શુદ્ધભાવરૂપ જીવનો ક્ષણિક અંશ છે પણ એટલો જ જીવ નથી. નવતત્ત્વનું સ્વરૂપ વીતરાગતા માટે છે.

અજીવથી જીવની પર્યાયમાં આસ્રવ થતો હોય તો અજીવ અને જીવ બન્ને એક થઈ જાય. શરીર સુકાય તો નિર્જરા થાય એમ માન્યું તેણે અજીવથી જીવની શુદ્ધિની ઉત્પત્તિ માની. એ રીતે નવતત્ત્વને વિપરીતરૂપે માનતાં નવ પૃથક્ રહેતાં નથી. નવતત્ત્વ, છ દ્રવ્ય, પંચાસ્તિકાયને યથાર્થરૂપે જાણવાનો સાર શો? કે વીતરાગી દૃષ્ટિ, વીતરાગી

જ્ઞાનાનંદ સ્વભાવ સન્મુખ જ્ઞાન અને લીનતા તે તેનો સાર છે.

નવતત્ત્વને જાણતાં પરથી ભેદજ્ઞાન થઈને તથા ક્ષણિક પર્યાય જેટલી બુદ્ધિ છૂટીને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ અને વીતરાગતાનો અવસર આવે છે, તે જ સાર છે. અહોહો! ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે અમૃતની રેલમછેલ કરી મૂકી છે. આવી અદ્‌ભુત ટીકા ભરતક્ષેત્રમાં અજોડ છે. ભાઈ! તું વીતરાગે કહેલાં છ દ્રવ્યોને નક્કી કર તો તેમાં પણ સ્વભાવસન્મુખ થઈને વીતરાગભાવ જ કરવાનું આવે છે. નવ તત્ત્વોને જાણતાં તેમાંથી પણ વીતરાગી તાત્પર્ય જ નીકળે છે.

નવતત્ત્વમાં જીવનો સ્વભાવ શું? અજીવ શું? પુણ્ય-પાપ શું? આસ્રવ શું? સંવર શું? કયા ગુણસ્થાને કેટલો સંવર હોય? ને કેટલો આસ્રવ હોય. ઇત્યાદિ બધું સમજતાં તેમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ પણ આવી જાય છે. જેણે એમ મનાવ્યું કે મુનિદશામાં પણ વસ્ત્રનો રાગ હોય તેણે મુનિદશાના સંવરને જાણ્યો નથી, તેની નવે તત્ત્વમાં ભૂલ છે. સ્ત્રીનો દેહ હોય અને મુનિદશા આવી જાય એમ માને તો તેને નવે તત્ત્વની ભૂલ છે. સર્વજ્ઞદશા પ્રગટી ત્યાં આહારાદિ હોય નહિ, છતાં ત્યાં આહાર મનાવે તો મોક્ષ વગેરે નવેતત્ત્વની ભૂલ છે. અહો! છઠ્ઠા-સાતમા ગુણસ્થાને સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને ઘણી સંવરદશા પ્રગટી ગઈ છે ને સંજ્વલનનો ઘણો પાતળો રાગ હોય છે, ત્યાં વસ્ત્રાદિનો સંયોગ હોતો જ નથી–આમ ન જાણે તે જીવ આસ્રવ-સંવર વગેરે નવે તત્ત્વોને સમજતો નથી. કેવળજ્ઞાનદશા થાય ત્યાં અજીવકર્મમાં પણ અશાતાનો રસ એવો ન જ હોય કે શરીરમાં રોગાદિ થાય, જીવમાં કેવળજ્ઞાન થાય ત્યાં અજીવમાં પરમ ઔદારિક દેહ થઈ જાય છે. એમ ન સમજે ને કેવળીને રોગ મનાવે તો તે જીવને આત્માની મોક્ષદશાનું, સંવર-નિર્જરાનું, પુણ્ય-પાપનું કે અજીવતત્ત્વનું ભાન નથી. લાડવો ખાધો તેમાંથી સુખ આવ્યું એમ માને તો તેણે અજીવ અને જીવ તત્ત્વને જાણ્યાં નથી. લાડવો તો અજીવ છે તેમાં જીવનું સુખ રહેતું નથી.

જુઓ, આ વીતરાગીશાસ્ત્રનું રહસ્ય! કોઈ પણ વાત લ્યો તેમાંથી વીતરાગી-તાત્પર્ય જ નીકળે છે. નવ તત્ત્વ જાણતાં પણ અજીવથી હું જુદો, ને પર્યાયરૂપ છ તત્ત્વો જેટલો પણ હું નહિ. એમ સમજીને ધ્રુવ-જીવસ્વભાવની સન્મુખ થઈને વીતરાગતા કરવાનું જ આવ્યું. જીવમાં પુણ્ય-પાપ વગેરે ભાવો છે તે જીવનો વિકાર છે, ને તે વખતે અજીવ કર્મોમાં તેને યોગ્ય પુણ્ય-પાપરૂપ પર્યાય થાય છે, ને તેના ફળરૂપ સ્વર્ગ-નરક વગેરે વિધવિધ સ્થાનો પણ જગતમાં છે. નિશ્ચયથી જીવ વિકારને તે જ સમયે અનુભવે છે, ને વ્યવહારથી તેના બાહ્ય ફળરૂપ સ્વર્ગ નરકનાં ભોગ્યસ્થાનો છે. જીવ તે સ્વર્ગ-નરકાદિ બાહ્ય સ્થાનોથી જુદો છે, અજીવકર્મથી જુદો છે, ને તેના કારણરૂપ

જે પુણ્ય-પાપ તેનાથી પણ પરમાર્થે જુદો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે, એમ સમજીને સ્વસન્મુખ થતાં વીતરાગભાવ પ્રગટે છે. આવું શાસ્ત્રનું તાત્પર્ય છે. મોક્ષદશા થઈ તેનું નિશ્ચયસ્થાન તો જીવની પર્યાય છે, ને વ્યવહારથી તેનું ક્ષેત્ર લોકના અગ્રે સિદ્ધશિલા ઉપર છે.

બંધ-મોક્ષનો ભાવ અને તેનાં બાહ્યસ્થાનો તેનું જ્ઞાન કરાવીને પણ વીતરાગભાવ જ બતાવ્યો છે. બંધનો ભાવ, બંધ અને બંધનાં ફળરૂપ બાહ્યસ્થાનો, તેમજ મોક્ષ અને મોક્ષનું બાહ્યસ્થાન—તે બધાંનું જ્ઞાન સર્વજ્ઞદેવે કરાવ્યું છે. બંધ-મોક્ષ શું ? તેનાં નિમિત્તો કેવાં છે? એ બધાનું વર્ણન જિનવાણીમાં આવ્યું છે, પણ તેનું તાત્પર્ય વીતરાગભાવ છે. બંધ-મોક્ષ શું, તેનાં નિમિત્ત સ્થાનો શું-એ બધું સમજે તો સ્વસન્મુખ થઈને વીતરાગભાવ થયા વિના રહેતો નથી. [ક્રમશઃ]

---

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી:—


| | |
|---|---|
| પ્રકાશન સ્થાન :— | શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન તારીખ :— | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક :— | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |
| મુદ્રક :— | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| સંપાદક :— | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| તંત્રી :— | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| રાષ્ટ્રીયતા :— | ભારતીય |
| માલિક :— | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |

—વ્યવસ્થાપક (મેનેજર)
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
તા. ૧૫-૩-૯૪ સોનગઢ (કાનજીસ્વામીનું)-૩૬૪ ૨૫૦

[ તા. ૧૦-૩-૯૪ ]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાત: પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાત: જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૧૫ થી ૯-૧૫ : શ્રી સમયસાર પર (૧૯મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી અષ્ટપાહુડ ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

---

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૫મી જન્મજયંતીના મંગલ અવસરે
અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં પુરુષો માટે

## ▣ ધાર્મિક શિક્ષણવર્ગ ▣

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૫મી જન્મજયંતીના ઉપલક્ષમાં સુવર્ણપુરીમાં તા. ૨૩-૪-૯૪, શનિવાર થી તા. ૧૨-૫-૯૪, ગુરુવાર —૨૦ દિવસ સુધી પુરુષો માટે જૈન ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુભાઈઓ સાદર નિમંત્રીત છે.

[ સૂચના :—(૧) શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિ:શુલ્ક છે. (૨) બેડિંગ આદિ આવશ્યક વસ્તુઓ જરૂર સાથે લાવવી. (૩) ઉત્તમવર્ગમાં શ્રી પ્રવચનસાર તેમ જ શ્રી સમયસાર ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૪) મધ્યમવર્ગમાં શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા તેમ જ શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૫) પ્રત્યેક મુમુક્ષુમંડળને અનુરોધ છે કે પોતાના મંડળના મુમુક્ષુઓ બહોળી સંખ્યામાં આ શિક્ષણવર્ગનો લાભ લ્યે તે માટે પ્રોત્સાહિત કરે; તેમ જ આવનાર મુમુક્ષુઓની સંખ્યા પત્રથી જણાવે. ] —✻—

श्री नेमिनाथ दि. जिनमंदिर-प्रतिष्ठानी रजत-जयंतीना सुअवसरे

घाटकोपर (मुंबई)मां

# श्री दिगंबर जिनबिंब पंचकल्याणक-प्रतिष्ठा

घाटकोपर (मुंबई)ना श्री महावीर-कुंदकुंद-कहान-अध्यात्म-शुद्ध-आम्नाय-अनुयायी दिगंबर जैन मुमुक्षुमंडळ द्वारा, परम तारणहार पूज्य गुरुदेवश्री तथा पूज्य बहेनश्री चम्पाबहेन प्रति श्रद्धाभक्तिवान अध्यात्मतत्त्वप्रेमी समस्त मुमुक्षुसमाजने सादर निवेदन सह विनम्र हार्दिक अनुरोध छे के आगामी वैशाख सुद-६, सोमवार, ता. १६-५-९४ थी वैशाख सुद १३, सोमवार, ता. २३-५-९४—आठ दिवस अमारा घाटकोपरमां उपकारमूर्ति पूज्य गुरुदेवश्री कानजीस्वामी तेम ज पूज्य बहेनश्रीनी उपकारछायामां अत्यंत आनंदोल्लास सह उजवानारा "श्री सीमंधर-समवसरण तेम ज सीमन्धरादि विदेही वीस जिनवरोना दिगम्बर जिनबिंब पंचकल्याणक प्रतिष्ठा-महोत्सव"मां आप सर्वे सपरिवार तेम ज मुमुक्षु-मित्रमंडळ सहित विशाळ संख्यामां पधारीने पूज्य गुरुदेव द्वारा प्रसारित धर्मप्रभावनानी शोभामां तेम ज अमारा हर्षोल्लासमां अभिवृद्धि करशो. आपना पधारवाथी आपने सर्वने विघ्ननायक श्री आदिनाथना पंचकल्याणकना जिनेन्द्रभक्तिभीना भाववाही मनोज्ञ कार्यक्रम उपरांत उपकारमूर्ति पूज्य गुरुदेवश्रीना करकमलथी प्रतिष्ठित बृहद् मुंबईना अन्य जिनमंदिरोमां बिराजमान वीतरागभाववाही विशाल जिनबिंबोना दर्शन-पूजन आदिनो तथा भवोदधि-तारणहार पूज्य गुरुदेवश्रीनी टेपमां संगृहीत स्वानुभवप्रधान अध्यात्म-अमृतवाणीनो अने पूज्य बहेनश्रीनी विडियो-धर्मचर्चानो, समागत विद्वानोना शास्त्रप्रवचनोनो विशेष लाभ प्राप्त थशे. पंचकल्याणक-महोत्सवनी मुद्रणाधीन भव्य निमंत्रणपत्रिका समय पर मोकली आपवामां आवशे.

[सूचना :—(१) प्रतिष्ठामंडपमां श्री जिनबिंब बिराजमान करवानी, अखंडदीपप्रदीपन, धर्मध्वजारोहण अने पंचपरमेष्ठिमंडलविधान-पूजाना इन्द्रोनी बोली ता. १५-५-९४ रविवारना रोज तथा (२) पंचकल्याणकना इन्द्र, कुबेर इत्यादिनी बोली ता. १६-५-९४ सोमवारना रोज बोलवामां आवशे.]

निमंत्रक —

श्री घाटकोपर दि. जैन मुमुक्षुमंडळ, घाटकोपर (मुंबई)

अध्यक्ष तेम ज ट्रस्टीगण

—×—

## વૈરાગ્ય સમાચાર :—

* શ્રી જયાબેન રવિચંદ મહેતા સીંગાપુરવાળા (વર્ષ-૭૬) તા. ૨૩-૧૨-૯૩ના રોજ લંડન મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી પ્રફુલભાઈ રાજાના માતુશ્રી હેમતબેન દેવચંદ રાજા (વર્ષ-૯૨) તા. ૨-૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોશી (ટાન્ઝાનિયા)નિવાસી શ્રી લખમશી જેઠાભાઈ માલદે [તે શ્રી વીરચંદભાઈ માલદે (સોનગઢ)ના નાનાભાઈ] (વર્ષ-૮૦) તા. ૫-૨-૯૪ના રોજ નાઈરોબી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* દિલ્હીનિવાસી શ્રી પ્રેમચંદજી જૈન તા. ૧૦-૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૪૦ વર્ષથી વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

* સોનગઢનિવાસી સ્વ. શ્રી મલૂકચંદભાઈ છોટાલાલ ઝોબાળિયાના પૌત્ર (સ્વ. શ્રી જયંતીભાઈના સુપુત્ર) ચિરાગ (વર્ષ-૨૩) મુંબઈમાં કિડની તેમ જ કમળાની બિમારીથી તા. ૧૯-૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ચિરાગને ધર્મનો પ્રેમ તથા તત્ત્વ સમજવાની જિજ્ઞાસા સારી હતી.

* અંકલેશ્વરનિવાસી રતિકાંતભાઈ અમરચંદ સંઘવી તા. ૧૮-૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વરુચિ ઘણી હતી.

* હિંમતનગરનિવાસી શ્રી ભોગીલાલ મગનલાલ દોશી (તે શ્રી મીઠાલાલ મગનલાલ દોશીના નાનાભાઈ તથા રખિયાલવાળા શ્રી નેમચંદભાઈના જમાઈ) (વર્ષ-૫૦) તા. ૨૦-૨-૯૪ના રોજ કાર-અકસ્માતમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૩૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવનો વારંવાર ખૂબ લાભ લીધો હતો.

* હિંમતનગરનિવાસી સ્વ. શ્રી ભોગીલાલ મગનલાલ દોશીના ધર્મપત્ની શ્રી વિમળાબેન (વર્ષ-૪૫) તા. ૨-૩-૯૪ના રોજ કાર-અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે.

* પાલેજનિવાસી શ્રી ચંદ્રિકાબેન પ્રવિણભાઈ મનસુખલાલ શાહ (વર્ષ-૪૫) તા. ૧૭-૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી શ્રી હીરાલાલ સોમચંદ ડગલી (વર્ષ-૬૮) તા. ૫-૩-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —×—

સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તરત્ન
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
૬૨મો

# 卐 સમ્યક્ત્વજયંતી-મહોત્સવ 卐

[ તા. ૧-૪-૯૪ થી તા. ૫-૪-૯૪ ]

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-ઉપદેશના પ્રતાપે જેઓશ્રીએ નાની વયમાં સ્વાનુભૂતિ-રસાસ્વાદ કરી લીધો હતો તે કહાન-ગુરુ-ભક્ત-રત્ન પૂજ્ય બહેનશ્રીની ૬૨મી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ, સુરતના દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ તરફથી તા. ૧-૪-૯૪, શુક્રવારથી તા. ૫-૪-૯૪, મંગળવાર, ફાગણ વદ-૧૦ —પાંચ દિવસ સુધી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે.

આ પાંચ-દિવસીય સમ્યક્ત્વજયંતી-મહોત્સવ શ્રી પંચપરમેષ્ઠિ-મંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અધ્યાત્મ વિડિયો-ઓડિયો ટેપ-પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા, દેવ-ગુરુ-ભક્તિ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સ્વાનુભૂતિ-પ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા સોનગઢ પધારવા હાર્દિક અનુરોધ છે.

[ સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક છે. ]

નિમંત્રક—
સુરત દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ

## 卐 રાગાદિરૂપ પોતાને માને તે મિથ્યાદ્રષ્ટિ 卐

* સંસાર-અવસ્થા છે ત્યાંસુધી જીવને રાગ સાથે તન્મય-પણું છે એમ જ્યાંસુધી જીવ માને છે ત્યાંસુધી તે મિથ્યાદ્રષ્ટિ છે. જો સંસાર-અવસ્થામાં પણ જીવ રાગાદિ સાથે તન્મય થઈ જાય તો જીવ રૂપી થઈ જાય. કેમ કે રાગાદિ અચેતન છે તેને પોતાના માને તો તેણે આત્માને અચેતન માન્યો છે.

—ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-